Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

The Atmanand Prakash. REGISTRED No. B. 431

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः ·

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

श्रीमत् सम्यक्त्वरत्नं जिनमतललितं ज्ञानरत्नं गरिष्ठं
शुद्ध सद्वृत्तरत्नं भविजनसुखदं सारसंवेगरत्नम् ।
सद्भावाध्यात्मरत्नं गुणगणखचितं तत्वसद्बोधरत्नं
आत्मानंदप्रकाशो दधिपरिमथनात् वाचकाः प्राप्नुवन्ति॥१॥

पु. १४. } वीर संवत् २४४२ श्रावण. आत्म सं. २२. } अंक १ लो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | વર્ષારંભે માંગલ્ય સ્તુતિ ... | ૧ | ૭ | કર્મ મિમાંસા ... ... | ૨૦ |
| ૨ | ગુરૂ સ્તુતિ ... ... ... | ૨ | ૮ | સ્વીકાર અને સમાલોચના ... | ૩૦ |
| ૩ | અભિનવ વર્ષના ઉદ્‌ગારો ... | ૨ | ૯ | શ્રીમદ્ વિજયાનંદ સૂરિશ્વરજી | |
| ૪ | ચૈત્યપરિપાટી ... ... ... | ૯ | | મહારાજના [illegible] | |
| ૫ | ચૈત્યપરિપાટી સ્તવન... ... | ૧૨ | | મુનિરાજોના ચતુર્માસ ... | ૩૦ |
| ૬ | નૂતન વર્ષની ભાવનાઓ ... | ૧૬ | | | |


વાર્ષિક—મૂલ્ય રૂા. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તેરમા વર્ષની ભેટ

## અને પ્રમાદિ ગ્રાહકોને સૂચના.

ગયા માસના અંકમાં જણાવ્યા મુજબ શીયલના મહાત્મ્યને જણાવનાર અને અદ્ભુત મનોવેધક ગ્રંથ **શ્રી ચંપકમાલા ચરિત્ર** આ વર્ષે અમારા માનવંતા ગ્રાહકોને ભેટ આપવામાં આવેલ છે. જે જે સુજ્ઞ ગ્રાહકોએ તેની કદર કરી વી. પી. સ્વીકારેલ છે તેમનો આભાર માનવામાં આવે છે. પરંતુ ગ્રાહક ન રહેવું હોય અગર વી. પી. ન સ્વીકારવું હોય તેમણે અમને લખી જણાવવું, તેવી સૂચના માસિકમાં અનેક વખત આપ્યા છતાં કેટલાક પ્રમાદિ ગ્રાહકોએ છેવટ સુધી ગ્રાહક રહી વી. પી. મોકલતાં તેને પાછું વાળી નકામું જ્ઞાનખાતાને નુકશાન કરેલ છે જેથી તેવા ગ્રાહકોને વિનંતિ કે જ્ઞાનખાતાના દેવાદાર નહિ રહેતાં લેણું લવાજમ મોકલી હવે પછી માસિકના ગ્રાહક ન રહેવું હોય તો અમોને લખી જણાવવા સૂચના છે.

## આ સભાના વાર્ષિક સભાસદોને આ વખતે બેવડો લાભ.

આ સભાના વાર્ષિક સભાસદોને જણાવવા રજા લઇયે છીએ કે દરવર્ષ મુજબ તેઓને આપવાનું ભેટનું પુસ્તક શ્રી **ચંપકમાળા ચરિત્ર** અને આ વખતે ખાસ લાભ આપવાના હેતુથી બીજી બુક શ્રી **જૈન પ્રશ્નોત્તર** જે રોયલ એશીયાટીક સોસાઇટીના સેક્રેટરી ડાકતર હોરનલ સાહેબે શ્રીમદ્ વિજયાનંદસૂરિજીને જૈન તત્ત્વજ્ઞાનના પુછેલા ખુલાસા કે જે ખરેખર મનન કરવા લાયક છે તે ગ્રંથ ( બંને ગ્રંથો ) ભેટ આપવાના છે, બહાર ગામના સભાસદોને પુસ્તકો ગેરવલ્લે ન જાય તે માટે પોસ્ટેજ પુરતા પૈસાનું લેણા લવાજમના રૂા. સાથેનું વી૰પી૰ કરવાનું શરૂ કરવામાં આવેલ છે જેથી સ્વીકારી લેશે. અત્રેના સભાસદોએ પણ લવાજમ આપી તે બુકો સ્વીકારી લેવા વિનંતિ છે.

## સાધુ, સાધ્વી મહારાજ તથા જ્ઞાનભંડારના માલેકોને વિનંતિ.

અમારા તરફથી હાલમાં નીચેના ત્રણ સંસ્કૃત ગ્રંથો ભેટ આપવા માટે પ્રસિદ્ધ થયેલા હોવાથી આર્થિક સહાય આપનારની ઇચ્છા અને સભાના ધારા મુજબ ભેટ આપવાના છે.

**૧ સુકૃતસાગર. ૨ શ્રી રૌહિણેય ચરિત્ર. ૩ શ્રી મેરૂત્રયોદશી કથા.** તેના ખપી સાધુ, સાધવી મહારાજે પોતાના સમુદાયના વડિલ–ગુરૂ જે વિદ્યમાન હોય તેઓશ્રી મારફત કોઇપણ શ્રાવકના નામે ભેટ મંગાવવાથીજ પોસ્ટેજ પુરતા પૈસાનું વી. પી. કરી મોકલવામાં આવશે. લીખીત પ્રતોના જ્ઞાનભંડારના માલેકોએ પણ ભેટ મંગાવી લેવા એ રીતે વિનંતિ કરવામાં આવે છે.

---

## " શ્રી સમ્યક્ત્વ સ્વરૂપ સ્તવ "

મોક્ષની ઇચ્છાવાળા પ્રાણીઓને તેના બીજ રૂપ સમ્યક્ત્વની પ્રાપ્તિ આવશ્યક છે. આ સમ્યક્ત્વ કે જેના વગર કોઈ પ્રાણી મુક્તિ મેળવી શકતો નથી, તેવા આત્મિક અને પૌદગલિક સુખને ભિન્ન ભિન્ન દર્શાવનાર શ્રી સમ્યક્ત્વ ગુણ, તેની મૂળોત્પત્તિ, સ્વરૂપ અને વિવિધ ભેદો બતાવનાર આ એક લઘુ અને સરલ અપૂર્વ ગ્રંથ છે. ગ્રંથકર્તા પૂર્વાચાર્ય હોવાથી તેની અલૌકિક રચના કરી છે, જેનો ખાસ અભ્યાસ કરવા જેવો આ ગ્રંથ છે. જૈન શાળમાં અભ્યાસ કર્તા બાળકોને ખાસ વંચાવવા જેવો આ ગ્રંથ છે. કિંમત રૂા. ૦–૩–૦ પોસ્ટેજ જુદું.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञाने यत्नोविधेयः ॥

पुस्तक १४ ] वीर संवत् २४४२, श्रावण. आत्म संवत २१. [ अंक १ लो.

## वर्षारंभे माङ्गल्य स्तुतिः

शार्दूलविक्रीडितम्.

संत्रस्यान्ति कुवादिवारणवरा दोषा वराहास्तथा
मिथ्यात्व प्रमुखा वृषेशमहिषा धावन्ति भीता रयात् ।
श्रुत्वा कर्म मृगाः प्रयान्ति चदिशो यद्बोधगर्जारवात्
स श्रीवीर मृगाधिपो विजयदो वर्षे नवीनेऽस्तु नः ॥१॥

**ભાવાર્થઃ**—જેમના ઉપદેશનો ગર્જારવ સાંભળીને કુમતિરૂપ મોટા ગજેંદ્રો અને દોષરૂપી ડુક્કરો ત્રાસ પામી જાય છે, મિથ્યાત્વ વગેરે અવગુણરૂપી બળદો તથા પાડાઓ ભય પામી વેગથી દોડે છે અને કર્મરૂપી મૃગલાઓ દશે દિશાઓમાં નાસી જાય છે, તેવા **શ્રી મહાવીર પ્રભુ** રૂપી કેશરી સિંહ આ નવીન વર્ષમાં અમોને વિજય આપનારા થાઓ. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## गुरु स्तुति.

शिखरिणी.

कृपावल्ली यस्य स्फुर दमल बोधाङ्कुरमयी
गुणज्ञानोद्भासि प्रकट नव सत्पल्लव युता ।
यदीयच्छायायां विलसति सदा भारतमही
नमस्तस्मै नित्यं विजयि विजयानन्दगुरवे ॥२॥

**ભાવાર્થ**—જેમની કૃપારૂપી વલ્લી સ્ફુરણાયમાન નિર્મલ બોધરૂપી અંકુરાવાળી અને ગુણ તથા જ્ઞાનરૂપી પ્રગટેલા નવપલ્લવોથી પ્રકાશમાન છે, અને જેની છાયામાં આ ભારતભૂમિ હંમેશા જ્ઞાનના વિલાસો કરી રહી છે, તેવા વિજયવંત **શ્રી વિજયાનંદસૂરિ** ગુરૂને નમસ્કાર છે. ૨

## શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને આશીર્વચન.

શાર્દૂલવિક્રીડિત.

જે નિત્યે પ્રતિમાસ પ્રેમરસથી આનંદ **અંગે** ધરે,
**આત્માનંદ** તણો **પ્રકાશ** કરવા ઉત્સાહ પૂરો કરે;
**આત્માનંદ** વિલોકીને હૃદયમાં સદ્ભાવના આચરે,
તે સૌ ગ્રાહક પામજો ઉદયને આશીષ એ ઉચ્ચરે. ૧

# અભિનવ વર્ષના ઉદ્ગારો.

કાલની અનંત અને અદ્ભુત શક્તિના ચમત્કારોથી વિશ્વની વિચિત્રતા થયા કરે છે. અનેક વ્યવસાયોમાં–વિવિધ સુખદુ:ખજનક પ્રસંગોમાં પ્રત્યેક વ્યક્તિને તે મહાશક્તિની પ્રેરણા થયાં કરે છે. તે મહાશક્તિને વશ થઇ આજે આ **આત્માનંદ પ્રકાશ** પોતાના **જીવનના તેર વર્ષો પૂર્ણ કરી ચૌદમા વર્ષમાં** પ્રવેશ કરે છે. પોતાના અત્યારસુધીના જીવનમાં તેણે જે કાંઇ કરી બતાવ્યું છે, તે વાચકોની દૃષ્ટિ આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગળ ખડું છે. આત્મપ્રશંસાના ભયથી સ્વમુખે વિશેષ કહેવાની હીંમત આવતી નથી, તથાપિ તેના વિદ્વાન્ વાચકોને કહેવું પડયું છે કે, "ભારતવર્ષની સમગ્ર જૈન પ્રજાના ધર્મ, સંસાર અને વ્યવહારના શુદ્ધ માર્ગને દર્શાવવામાં અને જૈન ધર્મના તાત્વિક રહસ્યને પ્રગટ કરવામાં **આત્માનંદ પ્રકાશ** માસિક તેના નામની પૂરે-પૂરી સાર્થકતા કરી શકયું છે. આ માનવ શરીર કે જે ચૈતન્યશકિતનું વિશાળ મંદિર છે, તેને આત્મગુણોથી સુશોભિત અને પવિત્ર રાખે અને અયોગ્ય વિચાર અને અયોગ્ય કૃતિ વડે તેને તે એક ક્ષણવાર પણ ભ્રષ્ટ ન કરે, એ અર્થે જે પ્રકારનું શિક્ષણ મનુષ્યને આપવું જોઇએ, તેવું અધ્યાત્મજ્ઞાન તે લેખદ્વારા યથાશકિત આપે છે અને તે દ્વારા મનુષ્યના ક્રોધાદિ અયોગ્ય કષાયો, દુષ્ટાચરણરૂપ નિંદ્ય કૃતિઓ, જે પશુત્વથી પણ અધમ સ્થિતિને સૂચવે છે. તેને દૂર કરવા માટે અને વિષય સુખોની નિ:સારતા તથા ધનાદિ વૈભવ સુખોનો અમર્યાદ મોહ કે જે મનુષ્યોને પોતાના કર્ત્તવ્યથી વિમુખ રાખે છે, તેનો નાશ કરવા માટે તેના માધુર્ય ભરેલા લેખો વાચકોની મનોવૃત્તિને પૂર્ણ પ્રસન્નતા અર્પે છે. તે શિવાય મનુષ્યની હૃદયરૂપી વાટિકામાં વિકાશ કરવાને યોગ્ય એવા સદ્ગુણરૂપ સુગંધિ વૃક્ષો ઉછેરવાને અને દોષરૂપી ઝાંખરાને દૂર કરવાને સમર્થ એવા વિચારો આત્માનંદ પ્રકાશના સ્વરૂપ-માંથી ઉદ્ભવે છે. વ્યવહારમાં ખોટી મોટાઇ અને ધન સંપાદન કરવાની તીવ્ર ઇચ્છા જેઓના હૃદયમાં પ્રબલપણે વર્તે છે અને જેઓ ક્ષણિક મહત્તા પ્રાપ્ત કરવા માટે વિશુદ્ધ આચાર અને વિચારનો ત્યાગ કરવા તત્પર થયેલા છે, તેવા શ્રીમંતોને પોતાના ધર્મીબંધુઓનું હિત સાધવાના તેમજ નવીન કેળવણીનો પ્રભાવ તથા મહિમા સમજાવનારા તેમજ જૈનદર્શનની પ્રાચીનતા તથા તેની ગૌરવતા દર્શાવનારા સાહિત્ય અને ઐતિહાસિક કેટલાએક લેખો આત્માનંદ પ્રકાશની પત્રભૂમિમાંથી પ્રગટ થાય છે, એ નિ:સંશય છે. મનુષ્યોની વાસ્તવિક સંપત્તિ જે અધ્યાત્મ ધન છે, જે હીરા, માણિકય આદિ પૃથ્વીના રત્નો કરતાં અનંતગુણ મૂલ્યવાન્ છે અને જે આ ભવાટવીના અનંત પ્રવાસમાં મનુષ્યોની સાથે જ રહે છે, તેવા અમૂલ્ય ધનને ધૂળમાં રગદોળી નાંખનારા અજ્ઞાની મનુષ્યોના કાન ઉઘાડવા માટે આત્મા-નંદ પ્રકાશમાં કેટલાએક મધુર નાદમય ગીતો પણ ઉદ્ભવે છે." આ પ્રમાણેના વિદ્વાન્ વાચકોના આ પ્રશંસાના ઉદ્ગારો **આત્માનંદ પ્રકાશના** અંતરંગમાં અ-તુલિત ઉત્સાહ પ્રગટાવે છે, છતાં પણ પોતાના કર્ત્તવ્યને વિશેષ પલ્લવિત કરવાની હજુ તે ધારણા રાખે છે. જૈન પ્રજા પ્રાચીન કાલથી આ ભારતવર્ષ ઉપર મહત્તા ભોગવતી આવી છે, તેના ચતુર્વિધ સંઘના ચાર તત્વોની પૂર્વ સ્થિતિ કે જે ખરી દિવ્યતાને ધારણ કરનારી હતી, તેની આધુનિક સ્થિતિનો હજુ પૂર્ણ વિચાર કરવાનો છે. સાધુ અને સાધ્વી–એ ઉભય તત્વોમાં મહા કલ્યાણકારક ઉચ્ચ આશયો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવા જોઇએ, આત્મામાં રહેલું સ્વભાવસિદ્ધ જ્ઞાન કેવી રીતે જાગ્રત કરવું જોઇએ? ઘણાં રહસ્ય ભરેલા તીર્થંકરોના ઉપદેશોને નવીન પદ્ધતિમાં ગોઠવવા માટે શું કરવું જોઇએ? કેટલાએક ધાર્મિક વિષયોમાં નવીન સંસ્કારવાળાઓ શંકાશીલ રહે છે, તેમને યુક્તિપૂર્વક સમજાવવા કેવા કેવા ઉપાયો લેવા જોઇએ અને સાંપ્રતકાળે જૈન પ્રજાના ઉદયના માર્ગો કેવા હોવા જોઇએ? તેનો પૂર્ણ વિચાર કરી દેશકાલાનુસાર વ્યાખ્યાનો આપવા જોઇએ, આ પ્રમાણે આદ્ય સાધુતત્ત્વ સમાજને આ કાળમાં કેમ વધારે ઉપકારી બને તેમ કરવાની આ માસિક ધારણા રાખે છે. બીજું સાધ્વીતત્વ કે જે જૈન સ્ત્રી જાતિના ઉદ્ધારને માટે જ નિર્મિત થયેલું છે, અને જે જૈન સ્ત્રીઓના આચાર વિચારની નિર્દોષતા તથા કલ્યાણકારકતા સિદ્ધ કરવાને સમર્થ છે, તેમણે પોતાના મધુર ઉપદેશથી જૈન સ્ત્રી જાતિના ધર્મ, વ્યવહાર, આચાર, વિચાર અને પ્રવર્ત્તનમાં જે ગાઢ અંધકાર પ્રસરી રહેલ છે, તેમાંથી તેનો ઉદ્ધાર કરવાને તન, મનથી પ્રવૃત્તિ કરવાની જરૂર છે. ત્રીજા શ્રાવક તત્વ અને ચોથા શ્રાવિકા તત્વને માટે તો ઘણુંજ કરવાનું છે. એ ઉભય તત્વોની નિર્બલતા વધતી જાય છે. સર્વ દેશના અને સર્વ કાળના ધર્મ સંસ્થાપકો અને મહાપુરૂષોએ ઉચ્ચ પ્રકારના દાંપત્યને માટેજ ઉપદેશો આપેલા છે અને લેખો લખેલા છે. સાંપ્રતકાલે જૈન પ્રજામાં દાંપત્ય ભાવના અવ્યવસ્થિત જોવામાં આવે છે. જૈન ગૃહસ્થાશ્રમમાં પુરૂષો પોતાની સ્વધર્મનિષ્ટ, નિર્મલ અંતઃકરણવાળી તથા પ્રેમની મૂર્ત્તિ ધર્મપત્નીની નિરંતર થતી જતી અવનતિને સમજતા નથી અને સ્ત્રીઓ ઈશ્વર સ્વરૂપ પોતાના પતિના સ્વરૂપને ઓળખતી નથી; એ અપશોષની વાત છે.

આ ભારતવર્ષ ઉપર જૈન પ્રજામાં એક સમય એવો હતો કે, જે સમયમાં પુરૂષોની જેટલી કાળજી લેવાતી હતી, તેટલીજ સ્ત્રીઓની પણ લેવાતી હતી. જે સમયમાં ગૃહરાજ્યની મહારાણી શ્રાવિકાને પુરૂષોના અર્ધાંગરૂપે સન્માનને પાત્ર ગણી તેમના ગૌરવને વધારવામાં આવતું હતું અને 'હે દેવી, હે કલ્યાણિ, હે સુભગે!' એ આદિ ઉચ્ચ ભાવનાપોષક મંગલમય શબ્દોથી અને અપૂર્વ પ્રેમથી તે સંબોધવામાં આવતી હતી. તેમજ પ્રત્યેક જૈનના ઘરમાં સુલસા પ્રમુખ સતીઓનાં ચરિત્રો ગવાતા હતા, તે સમયે જૈન પ્રજાના ઉદયનો સૂર્ય ભારતરૂપ આકાશમંડળના મધ્યમાં તપતો હતો. સાંપ્રતકાળે એ ઉચ્ચ ભાવનાનો અભીષ્ટ સમય વહી ગયો છે.

આ પ્રમાણે ચતુર્વિધ સંઘના ચાર તત્ત્વોની સુધારણા કેવી રીતે થાય? એ ભાવનાને પુષ્ટ કરવા માટે અને તેના ઉત્તમ ઉપાયો યોજવા માટે **આત્માનંદ પ્રકાશ ગુરૂતત્ત્વનું અતુલ બલ ધારણ કરી** ભવિષ્યમાં આગળ પડવાની ઉચ્ચ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભિલાષા ધારણ કરે છે અને તે અભિલાષા પૂર્ણ કરવા માટે આ નવીન વર્ષમાં પોતાના ગુરૂવર્ગને પ્રાર્થના કરી એવું વિનવે છે કે, ભારતવર્ષની જૈન પ્રજામાં સ્વાર્થનાં, અતિ લોભનાં, રાગદ્વેષનાં, ક્રોધનાં, ભયનાં, અનાસ્થાનાં, અને એ વિના વિવિધ દુષ્ટ વિકારોનાં મલિન આંદોલનોથી વિચારનું વાતાવરણ જે કલુષિત થયેલું છે અને તેમાં દિનપ્રતિદિન જે વૃદ્ધિ થતી રહે છે, તે ઉપશમ પામો અને ભારતવર્ષના નંદનવન જેવા જૈન પ્રજાના રમણીય પ્રદેશો તે વિકારોથી રહિત થઈ, વિદ્યા, કલા અને ઉદ્યોગના તત્ત્વોથી નવપલ્લવિત થાઓ. તે સાથે ઉચ્ચ કેળવણીના શિખર ઉપર જૈન યુવકો આરૂઢ થઈ કોમસેવાના શિક્ષાસૂત્રોનું મનન કરો અને કરાવો. અને આત્મિકસુખ મેળવો–મોક્ષસુખ પામો.

**સ્વર્ગવાસી શ્રીમદ્ વિજયાનંદસૂરિના પ્રભાવિક પરિવારના** કૃપામય છત્રની દિવ્ય શીતળતાને અનુભવતું અને **આત્માનંદના** ઉછળતા આનંદવારિધિમાં મગ્ન થતું આ માસિક નવા વર્ષમાં પ્રવેશ કરતી વખતે હવે પોતાના ગતવર્ષના કાર્યની સેવાનું સ્મરણ કરાવે છે.

આ પ્રમાણે અમારૂં આત્માવલોકન કર્યા પછી હવે ગતવર્ષમાં વિદ્વાન લેખકો તરફથી જે જે પ્રસાદીઓ અમારા વાચકવર્ગ સન્મુખ મૂકવામાં આવી છે, તેની સંક્ષિપ્ત નોંધ લઈ નવા વર્ષમાં પૂર્વ કરતાં અધિક પ્રમાણમાં તેમાં મિષ્ટરસ ઉમેરવાનું વચન આપી સંતોષ માનીશું.

ગતવર્ષમાં એકંદરે ૮૨ લેખોના આનંદ તરંગોથી ગુણી ગ્રાહકોને આનંદમગ્ન કર્યા છે. પ્રથમ દરેક પ્રસંગે પૂર્વના ક્રમાનુસાર પ્રભુસ્તુતિ અને ગુરૂભક્તિ દર્શાવવાનો માંગલિક હેતુ સાધ્ય કર્યો છે. સાથે અમારા સુજ્ઞ ગ્રાહકોને અંતઃકરણનો શુભ આશીર્વાદ પણ આપેલો છે.

કેટલાક વખતથી આ માસિક તરફ સહાનુભૂતિ દર્શાવનાર–અધ્યાત્મ માર્ગના ઉપાસક **શ્રીમદ્ કર્પૂરવિજયજી** મહારાજે જીવદયાના ખર્ચ સંબંધી થતો ઉહાપોહ, જીવનયાત્રા સફળ કરી લેવા સુજ્ઞજનોએ રાખવી જોઈતી ચીવટ, જૈન કોમની પડતી માટે કોણ જવાબદાર ? શ્રાવક ધર્મોચિત આચારોપદેશ, સૂક્તવચનો વાંચી–સાંભળી આદરવા યોગ્ય વિવેક, સાંવત્સરિક ક્ષમાપનાના પત્રનો પ્રત્યુત્તર, હિત શિખામણ, અને સૂક્તમૂક્તાવલી–અનુવાદ વગેરે સાદા, સરલ અને બોધક વિષયોથી આ માસિકને અલંકૃત કરી વાચકવર્ગને જે સ્વાદ આપ્યો છે તે મનનીય છે.

શ્રીમાન્મુનિરાજ **શ્રી જિનવિજયજી મહારાજ** કે જેમના લેખો ચાલતા સમયને સવિશેષ પસંદ પડતા છે, તેઓશ્રી જૈન સાહિત્ય અને ઈતિહાસના સારા અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભ્યાસી છે અને તેઓના અપરિમિત પ્રયાસ વડે એકઠા કરેલા સંગ્રહમાંથી કેટલાક વખતથી જૈન ઈતિહાસિક લેખો જેવા કે, જૈન ઐતિહાસિક સાહિત્ય, જૈન ધર્મ માટે એક ગુર્જર સાક્ષરના ઉદ્દગારો, જાહેર પત્રોની ઉત્કટ લાગણી, શ્રીવિનિતવિજયજી વિરચિત વીરજિન સ્તવઃ વગેરે અનેક લેખો આપી જૈન સાહિત્યનું સારૂં પોષણ કર્યું છે. તેઓશ્રીની ભાષા સુંદર આલંકારિક અને સરલ હોવા સાથે લેખનશૈલી ઉત્તમ પ્રકારની હોવાથી તેને માટે અનેકવિધ સારા અભિપ્રાયો આવવા સાથે જૈન સમાજને રૂચીકર થયેલ છે. જેથી આ પત્રને વધારે લેખોદ્વારા ઉન્નત કરવાનો પ્રયાસ કરશે એમ ઉક્ત મુનિરાજોને વિનંતિ કરતાં અન્ય મુનિરાજોને પણ એ દિશામાં કૃપા કરવા વિનંતિ પૂર્વકઆમંત્રણ કરીએ છીયે.

સિવાય બીજા લેખો, જૈનોન્નતિ, સમ્યગ્શ્રદ્ધા, જ્ઞાનારાધન અને કષાય એ ચાર લેખો વડોદરા નિવાસી બંધુ **નંદલાલ લલ્લુભાઈ વકીલના** છે. જેઓના લેખો જૈન ધર્મના છતાં સર્વમાન્ય થઇ શકે તેવા છે. તેઓશ્રીના લેખો રસપૂર્ણ હૃદયની ઉંડી લાગણી ભરેલા સાદી અને સરલ ભાષામાં ગુંથાયેલ અને કસાયેલ કલમથી લખાયેલા હોઇને આવકારદાયક છે.

આ સભા તરફ અંતરંગ પ્રેમ બતાવનાર અત્રસ્થ જૈન બંધુ **ફત્તેહચંદ ઝવેરભાઇના** જીવન અને મૃત્યુ એક ગદ્યાત્મક તથા શ્રી શાંતિનાથને શાંતિ પ્રેરવા અભ્યર્થના, દેહ ઉપર મમત્વ રાખનારાઓ સ્વજન્મને સફળ માનતા કેવા ભૂલે છે, માંગલિક પદ્ય, સમ્યગ્દર્શન સ્તુતિ, ઉત્તમ માર્ગ સંચરવા પ્રભુ પ્રાર્થના, ગુરૂતત્ત્વની સાધનામાં પ્રવૃત્તિમય ઉદ્દગાર, પ્રભુના સામર્થ્યનું અદ્ભૂત બળદર્શક પદ્ય, સદ્ગુરૂની સેવાનું આત્મભાન, જીનેશ્વર સ્તુતિ, સમ્યક્ચારિત્ર પદ્ય, જૈનેંદ્રસમય સ્તુતિ, હૃદય નિમંત્રણા અને શ્રીમદ્ વિજયાનંદસૂરિજીની જયંતી પ્રસંગે ચીરસ્મરણીય આવાહન વગેરે પદ્યાત્મક લેખો છે. જેઓના ગદ્ય લેખો પ્રશંસનીય છે એટલુંજ નહીં પરંતુ કેટલાક વખતથી પદ્ય લેખો આપવાની કરેલી શરૂઆત પણ આદરણીય છે. તેઓના ગદ્ય લેખો સુંદર શૈલીથી લખાયેલા હોઈ હીતકર છે, તેઓ સભા ઉપર પૂર્ણ પ્રેમ ધરાવનાર હોઇ સભાની દરેક પ્રકારની ઉન્નતિમાં ભાગ લેનારા છે.

ત્યારબાદ જૈન તત્ત્વજ્ઞાનના તેમજ પાશ્ચિમાત્ય દેશોના ફીલોસોફરના રચેલ ગ્રંથોના ઉંડા અભ્યાસી **રા. રા. અધ્યાયીના અને અભ્યાસીના** " આત્માના માનસિક કરણો " તથા 'કર્મ મિંમાસા' જેવા વિદ્વતાપૂર્ણ, ઉચ્ચ શૈલીવાળા અને ગંભીર વિષયો લખી ગહન તત્ત્વોને સમજાવવા ઉંચો પ્રયત્ન કર્યો છે, એટલુંજ નહીં પણ જમાનાને અનુકૂળ દૃષ્ટિએ આલેખવામાં આવેલ છે. જો કે આવા ગંભીર વિષયના અધિકારી ઘણાં ઓછા વાચકો હશે, પરંતુ તેવો પ્રયાસ કરવાનો સમય હવે આવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યો છે, એમ સમજી તેવા ઉચ્ચ શૈલીના લેખોને સ્થાન આપવામાં આવેલું છે, જે અત્યંત માનનીય હોઇને તે લેખો માટે અનેક પ્રશંસાપત્રો આવેલા છે, જેથી તે આવકારદાયક થઈ પડેલ છે તેમ કહેવુંજ પડશે.

ધાર્મિક જીવન અને આદર્શજીવન જેવા સામાજિક લેખો કપાસી **જગજીવનદાસ માવજી ચુડા નિવાસીએ** ગતવર્ષમાં આપવાની શરૂઆત કરેલી છે, જે લેખો સરલ ભાષાથી લખાયેલા અને જૈન સમાજની ઉન્નતિ માટે હૃદયની લાગણી દર્શાવનારા હોઇ ઉપયોગી છે. જૈન યતિઓની સાહિત્યસેવા, જૈન સંક્ષિપ્ત ઈતિહાસ એ બંને લેખો જૈન સાહિત્ય વિષયના હોઈ તેના લેખક **શેઠ પ્રેમચંદ રતનજી** એક અત્રનિવાસી જૈન કોમમાં અગ્રગણ્ય ગૃહસ્થ છે. તેઓ યુવક હોવા સાથે પ્રાચિન સાહિત્ય વગેરેના ઉપાસક છે. સાહિત્યની શોધખોળ અને સંગ્રહ તે તેમનો ખાસ વિષય છે, જેને લઇને છેલ્લી સુરત–ગુજરાત સાહિત્ય પરિષદમાં મોકલેલ સંગ્રહને લઇ એક સુવર્ણનો પદક તેમના તે પ્રયાસ અને ખંત માટે મળેલ છે.

સિવાય પ્રાચિન અર્વાચીન જૈન, જૈન સમાજનું મહત્વ અને સૌજન્યતા એ ત્રણ લેખો આ સભાના સેક્રેટરી **ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસના** છે, તેને માટે કાંઈ પણ લખવું તે આત્મપ્રશંસા કરવા જેવું છે. જેથી તે માટે ઇચ્છા પણ નથી અને સ્થાન પણ નથી. **રા. નરોત્તમદાસ બી. શાહ** જેઓ સમાજની સ્થિતિની સુધારણા માટે કાળજી બતાવનારા છે તેના જૈન વસ્તીના ઘટાડા સંબંધી રીપોર્ટ વગેરે લેખોથી માલુમ પડે તેવું છે. આ સિવાય ઉન્નતિ થવા લાયક બનો, તરંગ દુ:ખીની દાદ અને પૈસાને માનના લેખક ગુલાબચંદ મૂળચંદ બાવીસી છે.

પદ્યાત્મક લેખોમાં "જિજ્ઞાસુ ઉમેદવાર" કે જેમના લેખો પાર્શ્વનાથ પ્રભુ સ્તવના, આદિનાથ પ્રભુ સ્તુતિ વગેરે છે તેઓ આ સભા ઉપર પૂર્ણ પ્રીતિ ધરાવનારા હોઇને તેઓનો તે દિશામાં પ્રયાસ આદરણીય છે. સિવાય વિષય વશ પ્રાણીની ચેષ્ટા –આરાધના પ્રકાર પ્રભુસ્તુતિ એ લેખો **શ્રી. રત્નસિંહ દુમરાકરના** છે. તથા વળા નિવાસી **મેતા દુર્લભજી ગુલાબચંદની** દોરંગી દુનિયા તેમજ હિમત નહીં હારજે બંધુ એના લેખક મી. લલીતાંગ છે; તેવીજ રીતે **શાસ્ત્રી અંબાશંકર લજ્યારામ**નો શ્રી વિજયાનંદસૂરિ વિરહાષ્ટક પદ્યનો લેખ છે. છેવટે ગત વર્ષ માટે અમારે કહેવું જોઇએ કે અમારા પરમપૂજ્ય ગુરૂવર્ગ તરફથી વિવિધ પ્રકારના કેટલાક ધાર્મિક પ્રસંગોને માટે તેમજ કેટલીએક સામાજીક સુધારણા તેમજ કેળવણીના કાર્યને ઉત્તેજન અને નવીન સ્થાપના વગેરે કેટલાક કાર્ય કરવાને યથાશક્તિ પ્રવૃત્તિ પણ કરવામાં આવી છે. વિશેષ આનંદ સાથે જણાવવાનું કે, આ આત્માનંદ પ્રકાશની પોષક **શ્રી જૈન આત્માનંદ સભાએ** ગત ત્રણ વર્ષનો રીપોર્ટ પ્રગટ કરી પોતાના કર્ત્તવ્યનો યથાર્થ પ્રકાશ પાડયો છે અને સાથે તે સંસ્થાની નિવાસ ભૂમિરૂપ શ્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આત્માનંદ ભવન**માં કેટલાએક વિદ્વાન્ અને ઉત્સાહી યુવક વર્ગની બનેલી સંસ્થા **શ્રી જૈન ધર્મ પ્રબોધક સભાએ** પ્રતિમાસ ભાષણશ્રેણી અપાવી એ મહા સંસ્થાની શોભામાં વૃદ્ધિ કરી છે.

આટલા ઉપરથી જૈન પ્રજાના સાક્ષરવર્ગના હૃદયમાં તેની લોકપ્રિયતા વિશેષ થતી જોવામાં આવતી જાય છે. પ્રતિવર્ષે ગ્રાહકોની જે મોટી સંખ્યા તે પત્ર પરની અપૂર્વ મમતાથી તેના પ્રત્યેક અંકને માટે બની રહે છે તે તેને માટે નિઃસંશય અભિનંદનીય છે. જેથી આ પત્રના સંપાદકો તરફથી પણ તેમની પૂર્ણ પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે નિયમિતતા, સુંદરતાં અને રસિકતાની દિનપ્રતિદિન અભિવૃદ્ધિ માટે નિરંતર પ્રવૃત્તિ ચાલુ છે.

ગતવર્ષમાં વર્ત્તમાન વૃત્તાંતોનું અવલોકન કરતાં અનેક પરિવર્ત્તનો થયેલો જોવામાં આવે છે. તે સર્વથી આપણી ભારતવર્ષની જૈન કોન્ફરન્સના મુંબઈના અધિવેશનના વિજયનાદે જે ભારતભૂમિને ગજાવી છે, તે અપૂર્વ પ્રસંગ હતો, એમ સહર્ષ કહેવું પડશે.

આ રીતે ગદ્ય, પદ્ય ઉભય બળથી પુષ્ટ થયેલ, આ માસિકનું ગતવર્ષ પૂર્ણ થયું છે. તથાપિ તેને પ્રેમથી પોષણ કરનારા, તેમજ તેના સ્વરૂપને ઉચ્ચ કોટિમાં લાવનારા અને ઉત્સાહપૂર્વક સહાય આપનારા તેના વિદ્વાન લેખકો તથા તેના બાહ્ય અને આંતર સ્વરૂપને અલંકૃત કરવામાં તન, મન અને ધન અર્પનારાઓનો પૂર્ણ આભાર માનવામાં આવે છે.

સામાજીક રીતે ગતવર્ષની સ્થિતિ પ્રજાવર્ગને ચિંતાતુર બની છે. પાશ્ચિમાત્ય મહા વિગ્રહ અને દુર્ભિક્ષના પ્રસંગોને લઇને વ્યાપાર અને ઉદ્યોગ ઉપર અસાધારણ અસર થઈ છે, છેલ્લે આ વર્ષાઋતુના આરંભમાં મેઘવૃષ્ટિની તંગીને લઇને દીન પશુઓના રક્ષણ માટે મુશ્કેલીઓ આવી હતી અને તેમાં પ્રત્યેક શહેર અને ગામની દયાધર્મી પ્રજાને ચિંતાતુર થવું પડયું છે. જેને માટે શ્રી અધિષ્ટાયક દેવોને પ્રાર્થના કરવામાં આવે છે કે આ મહાન્ વિગ્રહની શાંતિ થઇ મહાન્ બ્રીટીશ રાજ્યનો વિજય થાઓ, દુર્ભિક્ષ દૂર થઈ સર્વ પ્રાણીઓને સુખ, શાંતિ અને આબાદી પ્રાપ્ત થાઓ.

પ્રિય વાચકો, છેવટે આ માસિક પરમકૃપાળુ શ્રી દેવાધિદેવની અને ગુણવાન ગુરૂવર્ગની કૃપાના બળથી એવી ઇચ્છા રાખે છે કે પરમાત્માની સહાયથી આ પત્રનું વિશાળ સ્વરૂપ ઉત્તરોત્તર વૃદ્ધિ પામી, તે દ્વારા આત્માને આનંદ આપનાર જ્ઞાનરૂપી પ્રકાશ સર્વ પ્રાણીઓમાં પ્રકાશી, મિથ્યાત્વ–અજ્ઞાનરૂપી તિમિર દૂર થઈ આ માસિકરૂપી ઉપવનમાંથી આધ્યાત્મિક ભાવરૂપી સુગંધી પુષ્પો સર્વ પ્રાણીઓ મેળવે અને તે સાથે તેઓની નીચેની આશાઓ સફળ થાય !!!

" जीयाच्चतुर्विधः संघः परिवारयुतो गुरुः ।
आत्मानन्द प्रकाशेन ह्यात्मानन्द विधायिना ॥१॥

ॐ शान्तिः शान्तिः शान्तिः

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# चैत्य परिपाटी ।

## (प्राचीन तीर्थमाला स्तवन.)

પ્રાચીન કાલમાં જૈનધર્મ અને જૈનપ્રજા ભારતવર્ષના દરેક પ્રદેશમાં ઘણું પ્રાધાન્ય ભોગવતી હતી. કર્નલ ટૉડના કથન પ્રમાણે હિંદુસ્થાનનાં પ્રાયઃ દરેક શહેરો જૈન વ્યવહારીઓ–શ્રેષ્ઠિઓથી શોભતા હતાં. પૂર્વમાં બંગાલ અને ઓરીસાથી માંડી પશ્ચિમમાં ઠેઠ સમુદ્રના કાંઠા સુધી અને ઉત્તરમાં હિમાલયથી લઈ દક્ષિણમાં છેક કન્યાકુમારી પર્યંતના દરેક દેશો અને સુંદર સ્થાનો જૈન તીર્થો અને જૈન મંદિરોથી અલંકૃત થયેલાં હતાં. જૈનપ્રજાએ પોતાના તીર્થસ્થળો બનાવવામાં અને જિનમંદિરો બંધાવવામાં જેટલું અગણિત દ્રવ્ય ખર્ચ્યું છે, તેટલું બીજી કોઈ પ્રજાએ ખર્ચ્યું હોય તેમ હિંદુસ્થાનના ઇતિહાસમાં જણાતું નથી. જેવા આદર્શ સ્થાનો ધનાઢ્ય અને ધર્મપ્રિય જૈન ગૃહસ્થો કરાવી ગયા છે, તેવા મ્હોટા મ્હોટા રાજાઓ પણ નથી કરાવી શક્યા એમ કહેવામાં આવે તો અતિશયોક્તિ જેવું નથી. ભારતવર્ષની શિલ્પકલાને ઉન્નત કરવામાં જૈન શિલ્પીઓ અગ્રસ્થાન ભોગવે છે, એમ વિદેશી શિલ્પજ્ઞોએ અનેક સ્થળે જણાવ્યું છે. આબૂના જગપ્રસિદ્ધ જૈન દેવાલયોના કોતરકામનું અને સુંદર સ્થાપત્યનું સામ્ય કરી શકે એવું એક પણ બીજું મંદિર કે મકાન હિંદુસ્થાનમાં નથી. જ્યારે આ એક નાનકડું અને તે પણ મૂળ રૂપથી ભ્રષ્ટ થયેલું, મંદિર જગત્ના શિલ્પીઓને આટલું બધું આશ્ચર્ય ઉપજાવે છે અને આલ્હાદ ઉત્પન્ન કરે છે ત્યારે ગુર્જરપતિ પરમાર્હત મહારાજ કુમારપાળના વખતના કુમારવિહાર, ત્રિભુવનવિહાર અને શકુનિકાવિહાર આદિ મહાન્ મંદિરો કેટલાં બધાં ઉત્કૃષ્ટ અને રમણીય હશે તેની કલ્પના પણ થવી કઠિન છે. જૈનગ્રંથોમાં વર્ણવેલી એ મંદિરોની મહત્તા અને ભવ્યતાનો ખ્યાલ કરતાં તો આબૂના મંદિરો તેમની આગળ સામાન્ય જ પ્રતિભાસે છે. આવા મહાન્ અને અપૂર્વ મંદિરો તે વખતે હજારોની સંખ્યામાં વિદ્યમાન હોવાના પુરાવાઓ જૈન ગ્રંથો અને પુરાણા ખંડેરો આપણને પૂરા પાડે છે. અજ્ઞાત મુસલમાનોએ પોતાના મૂર્ખાઈ ભરેલા વિચારો અને ક્રૂર અત્યાચારોથી અંધ થઈ ભારતના ભૂષણરૂપ આ મંદિરોને સર્વથી પ્રથમ નષ્ટ કરી નામશેષ બનાવ્યા છે.

જે પાટણ, ખંભાત અને ભરૂચ આદિ નગરોમાં કરોડો રૂપિયાની લાગતના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ગગનચુંબી શિખરોવાળા સંખ્યાબંધ મંદિરોનાં નામ, ઠામ અને વર્ણન આદિ જૈન પુસ્તકોમાં મળી આવે છે તેમાંનું આજે એક પણ અસ્તિત્વ ધરાવતું નથી. જે ચંદ્રાવતી જૈનોનાં વૈભવશાળી ભવનો અને દેવવિમાનો જેવા જિનાલયો વડે જોનારને ઇંદ્રની અમરાવતીનું સ્મરણ કરાવતી હોવાના ઉલ્લેખો ઇતિહાસમાંથી સ્થળે સ્થળે મળી આવે છે, તેનું આજે નામ અને સ્થાન પણ ભાગ્યેજ કોઇ જાણતું હશે. માલવાનું મંડળાચલદુર્ગ (માંડવગઢ) અને ભરૂચ પાસેનું ગંધાર બંદર કે જ્યાં આજથી ૨૫૦–૩૦૦ વર્ષ પહેલાં હજારો જૈન શ્રીમંતો વસતા હતા અને હીરવિજયસૂરિ, વિજયસેનસૂરિ અને વિજયદેવસૂરિ આદિ તપાગચ્છના મહા પ્રભાવક આચાર્યો સેંકડો શિષ્યોની સાથે વાસસ્થાન કરતા હતા ત્યાં આજે એક રાત્રિ રહેવા જેટલી પણ સગવડ નથી. આ લખવાનું તાત્પર્ય એ છે કે જૈન ધર્મના તિર્થો, મંદિરો અને ક્ષેત્રો (સ્થળો) જેટલા પૂર્વે હતા તેમાંથી આજે શતાંશ પણ નથી ! મહારાજ કુમારપાલ અને મહામાત્ય વસ્તુપાલના બનાવેલા હજારો મંદિરોમાંથી આજે બે ચારજ વિદ્યમાન છે. મહા મંત્રી પેથડશાહે બંધાવેલા ૮૪ જિનમંદિરો કે જેમના ક્રમ પૂર્વક નામો, મુનિ સુંદરસૂરિએ પોતાની "ગુર્વાવલિ" માં સોમતિલકસૂરિનું સ્તોત્ર ટાંકિ બતાવ્યા છે. અને રત્નમંડણગણિએ "સુકૃતસાગર" માં ગણાવ્યાં છે તેમાંનું એક પણ દૃષ્ટિગોચર થતું નથી. આ તો ઉદાહરણ રૂપે એક બે જણાના નામો જણાવ્યા છે, પરંતુ આવા તો સેંકડો ગૃહસ્થોના નામો ઇતિહાસના પૃષ્ઠોમાં લખેલાં છે. આ સિવાય એવા હજારો મંદિરો નષ્ટ થઈ ગયા છે કે જેમનું આપણે નામ ઠામ ઈત્યાદિ કાંઈ જાણતા નથી. અનેક મંદિરોમાં હિંદુઓએ પોતપોતાના દેવ–દેવિઓ સ્થાપન કરી દીધાના ઉલ્લેખો, ગવર્નમેંટના પુરાણા શોધખોળના ખાતાનાં રીપોર્ટોમાંથી મળી આવે છે. આવીજ રીતે મુસલમાનોએ પણ મંદિરોની મસજીદો કરી દીધેલી ઘણા ઠેકાણે જોવામાં આવે છે. જે કેટલેક ઠેકાણે આ જૂના જવાહીરોમાંનાં કોઈ કોઈ નંગો બચી રહેલા છે તે આપણી પોતાની અજ્ઞાનતા અને બેદરકારીના લીધે વર્તમાનમાં પણ પતનશિલ થઇ રહેલા છે અને દિવસે દિવસે વધારે જર્જરિત થઈ જમીનદોસ્ત થવા તૈયાર થઈ રહેલા છે.

આર્યાવર્તની બીજી હિંદુ જાતિઓ કરતાં આપણી જૈન જાતિનો પ્રાચીન ઈતિહાસ વધારે ઉપલબ્ધ છે એમ જાણી આપણને જે કાંઇક સંતોષ અને હર્ષ ઉપજે છે તેના માટે આપણે આપણા પૂર્વ પુરૂષોનો ઉપકાર માનવો જોઇએ. આપણા પૂર્વજોએ પ્રતિમાં અને પુસ્તક સંબંધી પ્રશસ્તિઓમાં ટુંકી ટુંકી પણ મતલબની જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઐતિહાસિક વાતો નોંધી રાખી છે, તેના આધારે આપણે આપણી પૂર્વની સ્થિતિનું ભાન કરી શકીએ છીએ. આવી પ્રશસ્તિઓ સિવાય બીજા પણ ઐતિહાસિક પ્રબંધો, ચરિત્રો, પટ્ટાવલિઓ, વિજ્ઞપ્તિઓ અને સ્તવનો, સ્વાધ્યાયો છે કે જે ખાસ ઇતિહાસના ઉદ્દેશ્યથી જ લખાયલાં છે. જૂના તીર્થોના નામો અને તીર્થપતિ તીર્થંકરોના ઉલ્લેખો માટે ચૈત્ય પરિપાટીઓ અથવા તીર્થમાલાના સ્તવનો બહુજ ઉપયોગી છે. જેવી રીતે જીવવિજયજીએ " સકલતીર્થ વંદુ કરજોડ " નામના સ્તવનમાં તથા સમયસુંદરજીએ " શત્રુંજય રીખભ સમોસર્યા રે " એ સ્તવનમાં તીર્થોના નામો સંગ્રહ્યા છે તેવી રીતે પૂર્વના અનેક વિદ્વાનોએ આવી જાતની કૃતિઓ–ચૈત્ય પરિપાટીઓ બનાવેલી છે. કેટલાકે તો સ્વયં પોતે યાત્રા કરી આવેલા સ્થળોનાં સ્તવનો બનાવ્યા છે. આવા સ્તવનો ઘણા જૂના જૂના મળી આવે છે. ગુજરાતી ભાષા સિવાય સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષામાં પણ આવી કૃતિઓ થયેલી છે. મ્હારા જોવામાં આવેલી ચૈત્ય પરિપાટિઓમાંથી કોઈ કોઈ તો ૧૨ મા સૈકાની પણ બનેલી છે. કેટલીકમાં ખાસ એકજ ગામના બધા ચૈત્યોનાં નામ અને સ્થળ આદિ લખેલાં હોય છે. પાટણ ચૈત્ય પરવાડી, સિદ્ધપુર ચૈત્ય પરવાડી, ઈલાદુર્ગ ચૈત્ય પરવાડી આદિ કૃતિઓ આવીજ જાતની છે. એ બધી ચૈત્ય પરવાડીઓ બ્હાર લાવવાથી જૂના તીર્થસ્થળો ઉપર કેટલુંક પ્રકાશ પડે તેમ છે તેથી મ્હેં ક્રમથી એવી કેટલીક કૃતિઓને પ્રકટ કરવાનો વિચાર કરેલો છે.

આ લેખની નીચે આપેલી " ચૈત્ય પરિપાટિ " રત્નાકર ગચ્છના આચાર્ય શ્રી હેમચંદ્રના શિષ્ય શ્રી **જિનતિલકની** કરેલી છે. રચ્યાની સાલ આપેલી નથી છતાં લખેલી પ્રતિ ઉપરથી જણાય છે કે સં. ૧૫૦૦ ના પૂર્વે આની રચના થયેલી હોવી જોઇએ. આના બધા મળી ૩૭ પદ્યો છે. જેમાંથી પ્રારંભના ૨૭ પદ્યોમાં ભારતવર્ષના વિદ્યમાન ( લેખકના સમયના ) તીર્થોનાં નામો છે અને પછીના ૧૦ પદ્યોમાં શાશ્વત તીર્થો વિગેરેનું વર્ણન છે.

જૈન ઉપાશ્રય
વડોદરા.

—मुनिजिनविजय ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# चैत्यपरिपाटि–स्तवन.

સરિ સરસતિ સામિણિ તૂં રૂહાડિ, મઝ પૂરિ કરૂં જિમ ચિત્ર પ્રવાડિ;
ત્રિહુ ભૂયણે તીરથ છઈ અપાર, તહિં તૂઠીય લાભઈ તીહ પાર. ૧
વાંદઉ [1]સેત્રુંજ સિરિ આદિનાથ, રાજલિ વર [2]ઊજંતિ નેમિનાથ;
અનંત ચઉવીસી આદિ તિત્થ, સિદ્ધષેત્રિ અનંતા સિદ્ધ જત્થ. ૨
[3]જુનઈ ગઢિ પાસ તેજલવિહાર, નવપલ્લવ [4]મંગલપુરિ મઝાર;
પુરિપાસ રિસહં [5]મ્યણી જુહારિ, [6]ભૂંભિલીય સંપ્રતિકે ગઈ વિહારિ. ૩
[7]પાટણિ ચંદપહુ પાય પણઉ, [8]ઊનાગઢિ મરૂદેવિ તણઉ;
[9]અજાહરિ હરિષઈ પાસ ભેટિ, અદબદ આદીસર [10]દીવ બેટિ. ૪
[11]મેલગપુરિ વાંદઉ ઘૃત કલોલ, [12]મહૂપ સિરિ વીર કંઇ કલોલ;
[13]તલાઝઇ અઈરાદેવી મલ્હાર, [14]પાલીતાણુએ પાસ કૂંયરવિહાર. ૫
[15]ઘોઘે નવખંડ નમે સુ જાઉ, જિણુ દીઠઉં હિય હરિષત થાઉ;
[16]હાંસુટિ પલાવિ [17]સૂરયતિ પાસ, [18]રાનેરિ રિસહ સિરિનેમિવાસ. ૬
[19]નવસારીય વંદઉં સંતિનાહ, બિહુ [20]દમણિ [21]સંજાણિ શ્રીપાસનાહ;
[22]સોપારઇ જીવિતસામી જાણિ, જસ દંસણિ મૂ મનિ રહઉં ઠાણિ. ૭
[23]નાસકિ ચંદપહુ ચંદકંતિ, [24]પઇઠાણુ સુવ્રયજિણહર ભંતિ;
[25]કાન્હડઇ આદીસર ઉઠ્ઠદેહ, જસ લાભઇ આદિ અનંત છેહ. ૮
[26]કુલપાકિ રિસહ નીલવન્ન દૂરિ, અલીઅલ જસ દીસઇ ચંદ સૂર;
[27]સિરિપુરિ વાંદઉ અંતરિષપાસ, [28]ઉંકાર સતિમ જિણેસર સુપાસ. ૯

---

૧ શત્રુંજય, શ્રી આદિનાથ ૨ ઉજ્યંત (ગિરનાર), શ્રી નેમિનાથ. ૩ જૂનાગઢ, તેજ-પાલ વિહાર. ૪ માંગરોલ, નવપલ્લવ પાર્શ્વનાથ. ૫ મ્યણી (?) પાર્શ્વનાથ. ૬ ભૂંભલી (જેઠ-વાઓની), સંપ્રતિરાજાનું મંદિર. ૭ પાટણ (પ્રભાસ પાટણ), ચંદ્રપ્રભ. ૮ ઉના, શ્રી આદિ-નાથ. ૯ અજાહરા, પાર્શ્વનાથ. ૧૦ દીવબંદર, અદબદ શ્રી આદિનાથ. ૧૧ મેલગપુર (?) ઘૃત-કલ્લોલ. ૧૨ મહુઆ, શ્રી મહાવીર. ૧૩ તળાજા, શાંતિનાથ. ૧૪ પાલીતાણા, કુમારવિહાર પાર્શ્વનાથ. ૧૫ ઘોઘા, નવખંડા પાર્શ્વનાથ. ૧૬ હાંસુટિ (?)...... ૧૭ સુરત, પાર્શ્વનાથ. ૧૮ રાંદેર, ઋષભદેવ અને નેમિનાથ ૧૯ નવસારી, શાંતિનાથ. ૨૦–૨૧ દમ્મણ અને સંજાણા, બન્ને ઠેકાણે પાર્શ્વનાથ. ૨૨ સોપારા, જીવિતસ્વામી. ૨૩ નાસિક (દક્ષિણ), ચંદ્રપ્રભ. ૨૪ પ્રતિષ્ઠાનપુર (પૈઠણ), સુવ્રતજિનમંદિર. ૨૫ કાન્હડ ?) કાયોત્સર્ગસ્થ આદિનાથ. ૨૬ કુલપાક (દક્ષિણ હૈદરાબાદ તરફ), નીલવર્ણ:શ્રી આદિદેવ. ૨૭ સિરપુર, અંતરિક્ષ પાર્શ્વનાથ. ૨૮ ઉં-કાર (નિમાડમાં નર્મદા કાંઠે) સપ્તમ સુપાર્શ્વનાથ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[૧]ઉજેણિ, [૨]**માંડવગઢ**, [૩]**સુ**રગિરંમિ, લાગી રઢ **પેથડ** જિણહરંમિ;
[૪]**નાંદુ**ડિ, [૫]**ડ**ભોઇ નમૂંય **પાસ**, [૬]**સી**ધપુરિ [૭]**અ**ંકુલેસરિ **સુ**વય–**પાસ**. ૧૦

[૮]**ઘ**ણુદીવી પુરી, [૯]**ચિ**ષલીય ગામિ, [૧૦]**ચાં**દબડિ, કલવર ગઇપ ધાર ઠામિ;
[૧૧]**વડહઠીય**,[૧૨]**સીણુ**ઉર, [૧૩]**સ**ંપેડયંમિ, ક્રમિ **પાસ**–રિસહ વાંદઉં **જ**યંમિ. ૧૧

**સમલીય સુ**દંસણુ દેવિ વિહારિ, [૧૪]**ભરૂયચિ સુ**ણિસુવ્વય જિણ જુહારિ;
**અગ્યાર** દેવાલે દેવ વાંદિ, [૧૫]**કાવી** રિસહિસર નમિય નાંદિ. ૧૨

[૧૬]**ખ**ંભાયતિ **થ**ંભણાધીશ દેવ, જાણૂં નિતુ નિતુ હૂં કરૂં સેવ;
સખિ ચાલિ ન ચેત્ર પ્રવાડિ હેવ, છત્રીસ દેવલાં વાંદિ દેવ. ૧૩

[૧૭]**ડ**હડહ **સ**ંતિ [૧૮]**ધ**વલકઈ **પાસ** રંમ [૧૯]**વીણે આ**દીસર હાથિદ્રમ;
[૨૦]**ખેસ**રંડી:[૨૧]**અ**સાઉલિ રિસુહ તાય, [૨૨]**સે**રીસે **પાસ** છઇ ઉદ્ધકાય. ૧૪

[૨૩]**પ**ંચાસરિ [૨૪]કુલઉલિ **વીર–ને**મિ, **સ**ંષીસરિ **પાસ પા**ડલઈ **ને**મિ;
[૨૫]**કુ**ડી [૨૬]**કુ**પ્પડવાણિજિ **નમૂં પાસ**, [૨૭]સલષણુપુરિ વંદુ **સ**ંતિ–**પાસ**. ૧૫

**વણુ**રાય નિવેસીય બહૂય ભતિ, **પ**ંચાસરિ [૨૮]**પા**ટણિ **નમૂંય** જ્ઞતિ;
**ચ**ઉસવિ (તિ?) દેવાલે નિતુ વિહાણિ, વાંદઉ જિણ ભતિહિં ચિત્ત ઠાણિ. ૧૬

[૨૯]**સી**ધપુર **ચ**ઉબાર ઇસિહ વિહારિ **વીર** નેમીસર તારિ;
[૩૦]**વાયવડ**ઉયરિ **જી**યવંત સામિ, [૩૧]**ભ**લડીય [૩૨]**પા**લ્હણુપુર **પાસ**સામિ. ૧૭

---

૧ ૨–૩ ઉજ્જૈન, માંડવગઢ અને દેવગિરિ (દૌલતાબાદ) આ ત્રણે ઠેકાણે પેથડના જિન મંદિરો. ૪–૫ નાંદોદ અને ડભોઇ, શ્રી પાર્શ્વનાથ ૬–૭ સીધપુર (?) અને અંકલેશ્વર, મુનિસુવ્રત અને પાર્શ્વનાથ ૮–૧૩ ઘણદેવી, ચિખલી ગામ (?), ચાંદવડ (ચાણોદ ?), વડહડી (?) સીનોર અને સન ખેડામાં ક્રમથી પાર્શ્વનાથ અને આદિનાથ. ૧૪ ભરૂચમાં, સુદર્શના દેવીનો સમલી વિહાર, શ્રી મુનિસુવ્રતસ્વામી તથા બીજા ૧૧ મંદિરો ૧૫ કાવી (મહીના સુખડા આગળ), આદીશ્વરદેવ. ૧૬ ખંભાત, સ્થંભનક પાર્શ્વનાથ આદિ ૩૬ જિન મંદિરો. ( આ કથન શિખરબંદી દેરાસરોની અપેક્ષા લાગે છે. ) ૧૭ ડહડહ (?) શાંતિનાથ. ૧૮ ધોલકા, પાર્શ્વનાથ. ૪૭ વીણા, આદિનાથ, ૧૯–૨૦ ખેસરંડી અને આસાઉલી ( આશાપલ્લી ), ઋષભદેવ. ૨૧ સેરીસા, પાર્શ્વનાથ ઉદ્ધર્વકાય ( કાયોત્સર્ગસ્થ ). ૨૨ પંચાસરા, વીરપ્રભુ. ૨૩ કલ્લોલ, નેમિનાથ. ૨૪ સંખેશ્વર, પાર્શ્વનાથ. ૨૫ પાડલઇ, ( પાટડી ? ) નેમિનાથ. ૨૬–૨૭ કડી અને કપડવંજ, પાર્શ્વનાથ. ૨૮ સંખલપુર, શાંતિનાથ અને પાર્શ્વનાથ. ૨૯ પાટણ, વનરાજ સ્થાપિત શ્રી પાર્શ્વનાથ આદિ ૪૦૦ (?) જિનમંદિરો. ૩૦ સીદ્ધપુર, મહાવીર દેવ અને નેમીશ્વર આદિના ચાર–બાર (૧૬) જિનાલયો. ૩૧ વાયડ, જીવંતસ્વામિ મંદિર. ૩૨–૩૩ ભીલડીયા, અને પાલ્હણુપુર, પાર્શ્વનાથ.

For Private And Personal Use Only

[૧]**વીજા**પુરિ, [૨]**વીસ**લપુરિ, [૩]**બ્રહ્મા**ણિ, [૪]**થિરા**ડ ઉવેસિતૂં રહીય ઠાણિ;
[૫]**સાચઉર** [૬]**મોઢેરા પ્રમુષ** ઠામિ, લીણુઉ છૂં તાહરઇ **વીર** નામિ. ૧૮
[૭]**તારણુગઢિ અજીય,** [૮]ઈડર નમેઉ, **ક્રિરડિરાય થાળીય રિસદેઉ;**
[૯]**આત્રસૂં**બઇ,[૧૦]**મુહુડા સઈ સંતિ વીર,**[૧૧]**ઢંક નયરી** [૧૨]**ચેલણ પાસ–વીર**. ૧૯
[૧૩]**કુરહેડય,** [૧૪]**લીંબાડઇ,** [૧૫]**ચિત્રકૂટિ,** [૧૬]**નાગદ્રહિ પાસ** તૂં નમી છૂટિ;
[૧૭]**પાષારાકરિ,**[૧૮]**કાકરિ,કિસહ–સંતિ,**[૧૯]**બાપલેય રિસહ** [૨૦]**દહીઉદ્ર સંતિ**.૨૦
[૨૧]**મજાદ્રિ,** [૨૨]**ધનેરે,** [૨૩]**જં**ઘરાલિ, [૨૪]**તરવાડઇ,** [૨૫]**આરાસણિ** [૨૬]**ભિલ્લમાલિ;**
**સિરિપાસ રિસહ નેમિ** ચરણુ લીણુ, [૨૭]**વાલી** [૨૮]**બિત્રિસીં,** [૨૯]**રામઇ,**
[૩૦]**રામસીણિ**. ૨૧
[૩૧]**જીરાઉલિ** ભેટઉ **પાસનાહ,** હિતત્થૂ છૂટઉ ભાવઠિ હૂઊ સણાહ;
**દૂષ્પાપીડાની** કરઇ સાર, એ રૂજિ જીસઉ વાર વાર. ૨૨
[૩૨]**અર**બદગિરિ ગરૂયઇ ચડીય ગેલિં, **આદીસર** દીઠઇ રંગરેલિ;
**લૂણિગવસહી** બાલબ્રહ્મચારિ, **બાવીસમઉ** જિણુવર તૂં જુહારિ. ૨૩
[૩૩]**નાંદીય,** [૩૪]**વડાઊલી,** [૩૫]**બજાણુ**વંમિ, [૩૬]**હાથુંડી,** [૩૭]**મૂં**ડથલઇ [૩૮]**નાણુયંમિ;**
[૩૯]**સાદ્રડી,** [૪૦]**કાસદ્રહિ,** [૪૧]**વડ**ગામિ, [૪૨]**મડાહડિ વીર** જીવંતસ્વામિ. ૨૪
[૪૩]**ચારૂપી,**[૪૪]**ફલઉધી,**[૪૫]**સમીય પાસ,**[૪૬]**જાલ**ઉડિ,[૪૭]**નાગ**ઉરિનઇ [૪૮]ઉચ્ચિ **પાસ;**
[૪૯]**કુલિકુંડી,**[૫૦]**વાણારસિ,** [૫૧]**મુહરી પાસ,** સચરાચરિ જગિ થિઉ પૂરઇ **આસ**. ૨૫
[૫૨]**ઢીલી** છઈ **રાવણુ પાસ**ણુામ, [૫૩]હથિણાઊર **અર સંતિ કુંથુ** ઠામ;

---

૧–૬ વીજાપુર, વિસલપુર, બ્રહ્માણ (આબુની પાસે) થરાદ, સાચોર અને મોઢેરા પ્રમુખ તીર્થોમાં શ્રી મહાવીર. ૭ તારંગા, અજિતનાથ. ૮ ઇડર, કીર્તિરાય સ્થાપિત ઋષભદેવ. ૯ આંતરસુબા ( અમદાવાદ પાસે ), શાંતિનાથ. ૧૦ મહુધા, મહાવીરદેવ. ૧૧ ઢંક પાર્શ્વનાથ. ૧૨ ચેલણ, મહાવીરદેવ. ૧૩–૧૬ કરેડા, લીંબોદરા, ચિત્તોડ, અને નાગદામાં, શ્રી પાર્શ્વનાથ. ૧૭ પાખર(?), ઋષભદેવ. ૧૮ કાંકેર, શાંતિનાથ. ૧૯ બાપલેય, ઋષભદેવ. ૨૦ દધિપદ્ર, શાંતિનાથ. ૨૧–૨૬ મજાદ્રા, ધનેરા, જંઘરીલ, તરવાડા, આરાસણ અને ભિન્નમાલ સ્થાનોમાં; પાર્શ્વનાથ, ઋષભદેવ અને નેમિનાથ ભગવાન્ ૨૭–૩૧ વાલી, બિત્રસ, રામઇ, રામસેણ અને જીરાઉલામાં, પાર્શ્વનાથ. ૩૨ આબૂ, આદીશ્વર ભગવાન્, લૂણિગવસહિમાં શ્રી નેમિનાથ. ૩૩–૪૨ નાંદિયા, વડાવલી, બજાણા, હથુંડી, મુંડથલા, નાણા, સાદડી, કાસદ્રા, વડગામ અને મઢાર ગામમાં જીવિતસ્વામી શ્રી મહાવીર. ૪૩–૪૮ ચારૂપ, ફ્લોધિ, સમી, જાલોર, નાગોર અને ઉચા (?) ગામમાં શ્રી પાર્શ્વનાથદેવ. ૪૯–૫૧ કલિકુંડ, બનારસી, અને મથુરામાં પાર્શ્વજિન. ૫૨ દીલ્લીમાં રાવણ-પાર્શ્વનાથ. ૫૩ હસ્તિનાપુર શાંતિનાથ, કુંથુનાથ અને અરજીન.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આદિસર** નઈ નમઇ સહૂ કોઈ, બોલઇ [1]**જાલંધરિ** જઇય જોઇ. ૨૬
**વૈભાર અઠાવય** ગિરિવરંમિ, **સમેત**સિહરિ મણિ મંદિરંમિ;
ચઉવીસ વિ જિણુંવર નમૂંય પાય, ચકાહિવ થાપીય **ભરહ**રાય. ૨૭
સત્તાણુવઈ સહસ ત્રેવીસ તોઇ, ચઉસીલષ ચેઇય **અઢ્ઢ** લોય;
પાયાલિ ભવણુ મય દહન કાય, સત્તકોડિ બહુત્તરિ લાષ ગાય. ૨૮
**નંદિસરિ કુંડલિ રૂયગિ** સાઠિ, પ્રાસાદ ચઉઆરા અચ્છઈ પાઠિ;
ઇણું પરિ વાંદઉં જિણુ ભવણુ જોઈ, બત્રીસસઈ ગુણુસઠિ તિરીયલોય. ૨૯
પન્નરસઇંકોડિ બાયાલકોડિ, અઠાવન્ન લાષનઇ અસીય જોડી;
છત્રીસ સહસ શાસતા બિંબ, હૂં વાંદઉં નિતુ નિતુ નિરવિલંબ. ૩૦
જોસી વ્યંતર માંહિ અસંષ કોડિ, જિણુભૂઅણુ નમું કર બે જોડિ;
સિરિ **રિસહ ચંદ્રાણુણ વારિસેણુ, વર્દ્ધમાન** નમૂં તહિં તષણેણુ. ૩૧
અતીત અનાગત વ્રતમાન, તીર્થંકર વીસઇ વિહરમાન;
દુનિ કોડિ કેવલધર નમૂંય પાય, દુનિ કોડિ સહસનઈ સમણુરાય. ૩૨
'જહિં જન્મ હુઉ જિણિ લીધી દિખ્યા, ઊપનઉં જ્ઞાન ઇ લાધઇ સુખ;
તહિં દેસના કીધી સામિસાલ, સવિ ભૂમિ ફરસીય દુઃખ ટાલિ. ૩૩
પુરિ પાટણિ નેસ નવેસ દેશ, ગિરિકંદરિ જલ થલિ બહૂ પયેસિ;
જં કિંવિ તીરથ તિહૂયણુા અપાર, જિણુબિંબ સવિ હૂં તીંહુમઝ જુહાર. ૩૪
સુવિહાણુ વિહાણુઉં આજ અમ્હ, જુ વાંધાં જિણુવર પાય તુમ્હ;
હીયડલઈ ઊલટીઓ હરિષ આજ, જાણે મઇં લાધઉ મુગતિ રાજ. ૩૫
સિરિ તીરથમાળા થોત્ર એઉ, જો પઢઇ, ગુણુઇ સુણુઇ મન ધરે ઉ;
તહિં તીરથયાત્રા ફલઇં બુદ્ધિ, પઉમાવઇ અધિકિ પૂરઈ રિદ્ધિ. ૩૬
**રયણાયડિ** ગચ્છિ **શ્રીહેમચંદ્રસૂરિ**, સોહએ જિમ પૂનિમચંદ;
તસ સીસ નામઇ **જિણુ તિલયસૂરિ**, કેઇ ચેત્ર પ્રવાડિ એ ભાવ ભૂરિ. ૩૭

**। इति सर्व चैत्य परिपाटि समाप्ताः ।**

---

૧ જાલંધર [ કાંગડા ? ] શ્રી આદિનાથ તથા વૈભારગિરિ, અષ્ટાપદ, સંમેતશિખર આદિ તીર્થોમાં તેમજ ઉર્દ્ધ્વ, અધો અને તિરશ્રીત લોકમાં ચતુર્વિંશતિજિન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નૂતન વર્ષની ભાવનાઓ.

ગત વર્ષની સમાપ્તિ અને નવિન વર્ષની શરૂઆત એ કાળની ગણત્રીમાં મુખ્ય ભાગ ભજવે છે. હિંદુઓમાં ગુજરાત અને કાઠીયાવાડાદિ પ્રદેશમાં નવિન વર્ષની શરૂઆત કાર્તિક માસથી થાય છે, તે વિક્રમ સંવત નામથી ઓળખાય છે. વિક્રમની વીશમી સદીના સંવત ૧૯૫૯ ના વર્ષના શ્રાવણ માસથી મ્હારો જન્મ થયો તેને ગયા અશાડ માસમાં ૧૩ વર્ષ પુરા થઇ આ માસથી ચૌદમા વર્ષની શરૂઆત થાય છે. જૈનદર્શનમાં ચૌદમા અંકનો મહિમા તત્ત્વજ્ઞાનની બાબતમાં ઘણો અગત્યનો ભાગ બજાવે છે. તિથીઓની અંદર દરેક ચૌદશે પખવાડીઆમાં જે કંઇ પ્રાયશ્ચિત લાગ્યું હોય તેને માટે યથાશક્તિ તપ કરવામાં આવે છે અને પાક્ષિક પ્રતિક્રમણ કરવામાં આવે છે. વ્રતધારી અને મૂનિઓને તે ફરજીઆત છે. બીજાઓએ આવસ્યક ક્રિયા તરીકે તે કરવાની ફરજ છે. જૈન શાસ્ત્રકારોએ, શ્રુત જ્ઞાનને ૧૪ પુર્વની સંજ્ઞાથી ઓળખાવે છે. ચૌદપુર્વિ મુનિઓ હોય છે, અને તે નિશ્ચે સમકિતવંત હોય છે. પુર્વધરોને શ્રુતજ્ઞાનીની સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. જગત્‌ની અંદર રહેલા પદાર્થને શ્રુતજ્ઞાનીઓ શ્રુતજ્ઞાનના બળથી કેવળજ્ઞાનીની પેઠે જાણી શકે છે. અને પદાર્થના ભાવનું વર્ણન કરી શકે છે. આહારક લબ્ધિના અધિકારી ચૌદ પુર્વિજ હોઇ શકે. આહારક લબ્ધિવંત મુનીની શકિત ઘણી હોય છે. એ વિષય શાસ્ત્રદ્વારે સમજવાને ભલામણ કરવામાં આવે છે. વર્તમાનમાં પુર્વધરોનો અભાવ છે. વર્તમાનમાં વર્તતા જ્ઞાનીઓની અપેક્ષાએ શ્રૂતજ્ઞાનીઓનો આત્માનંદ કેટલા બધા વધુ પ્રમાણમાં હશે, તેની કલ્પના કરવી અશક્ય છે. નૂતન વર્ષમાં મહારા વાચકો અને જૈનશાસનના અનુયાયીઓ શ્રૂતજ્ઞાનમાં ઘણા આગળ વધો અને જૈનેતર બંધુઓના ઉપર કારૂણ્યભાવ લાવી જૈન તત્વજ્ઞાનનો સ્વાદ તેમને બતાવી આત્માનંદ પ્રાપ્ત કરવાની તેમનામાં જીજ્ઞાસા ઉત્પન્ન કરો એવી મ્હારી પહેલી ભાવના છે.

જૈન દર્શનના તત્વજ્ઞાનીઓનું સાધ્ય–લક્ષબિંદુ–કર્મ રહિત થઇને મોક્ષ પ્રાપ્ત કરવાનું હોય છે. મોક્ષસ્થાન ચૌદ રાજલોકના ઉપલા પ્રદેશમાં છે. જ્યાં કર્મમળથી રહિત થએલા સિદ્ધ જીવો અલોકને ફરસીને આદ્દી અનંત ભાગે રહે છે. અને અવ્યાબાધ આનંદમાં રમણુતા કરે છે. ચૌદ રાજલોકની અંદર રહેલ છકાયના જીવોમાં ફકત મનુષ્ય પંચેદ્રિ જીવજ મોક્ષ પ્રાપ્ત કરવાને ઉદ્યોગ કરી શકે છે. ગર્ભજ મનુષ્ય પંચેદ્રિ શિવાયના જીવોમાં તેની લાયકી હોતી નથી. વર્તમાનમાં આ ભરત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષેત્ર આશ્રિ આચાર્યવર્ય ભગવંત જંબુસ્વામિ પછી મોક્ષ મેળવવાની લાયકાત-વાળા જીવો ઉત્પન્ન થઇ શકતા નથી. એટલે આ ક્ષેત્ર માટે આ કાળમાં તેમ બનતું નથી. ચોથા આરામાં ઉત્પન્ન થયેલા જીવોમાંજ એ લાયકાત હોય છે. હાલ પાંચમા આરામાં ઉત્પન્ન થએલા જીવોમાં એ શક્તિ હોતી નથી. તો પણ એ માર્ગ માટે કરેલા પ્રયાસથી તેઓ થોડા કાળમાં અથવા આવતા ભવમાં મહાવિદેહ ક્ષેત્ર જ્યાં વર્તમાનમાં તિર્થંકરભગવંત વિચરે છે, અને જ્યાં સદાકાળ ચોથા આરાના ભાવ વર્તે છે ત્યાં ઉત્પન્ન થઇ મોક્ષસ્થાન પ્રાપ્ત કરી શકે છે. એ સ્થાન પ્રાપ્ત કરવાને સારૂ ચૌદ સ્થાનનું સ્વરૂપ ખાસ સમજવા જેવું છે. અધ્યવસાયની વિશુદ્ધિ અને પૌદ્ગલિક દશાના ત્યાગથી જીવ ઊંચ ઊંચ સ્થાનમાં ચડી શકે છે. અનાદિ કાળથી મિથ્યાત્વમાં વર્તતો જીવ અપૂર્વકરણાદિવિર્યોલાસ અને નિર્મળ અધ્યવસાયથી જીવ ચતુર્થ સ્થાનક જે અવિરતી સમ્યક્ ગુણસ્થાનકના નામથી ઓળખાય છે. એ સ્થાન જીવ દર્શનમોહનીની ત્રણ પ્રકૃતિ–મિથ્યાત્વ–સમ્યક્ અને મિશ્ર તેમજ કષાય મોહનીની પહેલી ચોકડી જે અનંતાનુબંધીની ચોકડી એ નામથી ઓળખાય છે, તેનો ઉપશમ, ક્ષયોપશમ, અથવા ક્ષય કરવાથી પ્રાપ્ત કરી શકે છે. તેજ જીવ ઉતરોત્તર અધ્યવસાયની શુદ્ધિ અને વિભાવદશાના ત્યાગથી ચૌદમું ગુણ-સ્થાન પ્રાપ્ત કરવાનો અધિકારી બને છે. શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મની શ્રદ્ધા ઉત્પન્ન થઈ વધતી જાય છે, અને તેમનો આરાધક બને છે. અને તે અધિકારને માટે આ ભવમાં પ્રયાસ કરવામાં આવે તો આગામીકાળે ઉપલા દરજ્જાના ગુણસ્થાનકો મે-ળવવાનો માર્ગ ઘણો સરલ થઈ જાય છે. નૂતન વર્ષમાં સમ્યક્જ્ઞાનનો વધારો થાય અને રત્નત્રયી સમ્યક્જ્ઞાન દર્શન ચારિત્રના આરાધક વધુ અને વધુ પ્રમાણમાં જીવો ઉત્પન્ન થઇ પ્રવચનના પ્રભાવિક થાય એ માહારી બીજી ભાવના છે.

વર્ત્તમાનમાં મતિ અને શ્રુતજ્ઞાન વર્તે છે. કેવળજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનનો અભાવ છે. અવધિજ્ઞાનની ભજના છે. અવધિજ્ઞાની જીવ હાલ જાણવામાં નથી. શ્રુતજ્ઞાનના ચૌદ ભેદ છે. એ ભેદો સમજવા જેવા છે. મતિ અને શ્રુતજ્ઞાનાવર્ણી કર્મના ક્ષયોપશમથી એ જ્ઞાનની નિર્મળતા વધે છે. શ્રુતજ્ઞાનના અભ્યાસથી એ જ્ઞા-નમાં ઘણો વધારો થાય છે. " ભણતાં પંડિત નિપજે " એવી લૌકિક કહેવત છે. મરહૂમ ન્યાયાંભોનિધિ શ્રી આનંદવિજયજી ઉર્ફે આત્મારામજી માહારાજના ચારિ-ત્રની શરૂઆતના કાળમાં દરરોજ સો સો શ્લોક કંઠાગ્ર કરતા--એ શક્તિ વધતાં તેઓ ૨૫૦ સુધી શ્લોક કરવાની શક્તિ ધરાવતા એમ સાંભળવામાં છે. અભ્યાસથી શું નં થઈ શકે ? શ્રુતજ્ઞાનના અભ્યાસીઓની સંખ્યામાં ઘણો વધારો થાઓ એ મા-હારી ત્રીજી ભાવના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન દર્શનકારો જગત્‌માં નવતત્ત્વ માને છે, તેમાં જીવ અને અજીવ એ મુખ્ય છે. બાકીનાનો સમાવેશ એ બેમાંજ થાય છે. જીવ અને અજીવ એ પ્રત્યેકના ચૌદ ચૌદ ભેદ છે, એ ખાસ સમજવા જેવા છે. નવતત્ત્વના અભ્યાસીઓની સંખ્યા પ્રમાણમાં અલ્પ છે. નવતત્ત્વના અભ્યાસ સિવાય તત્ત્વશ્રદ્ધા થવી મુશ્કેલ છે. સુક્ષ્મ તત્ત્વજ્ઞાનમાં પ્રવેશ કરવાને સારૂ નવતત્વાદિ પ્રકરણોના અભ્યાસની ખાસ આવશ્યક્તા છે. જેઓનાથી અભ્યાસ થઈ શકે તેઓએ જાતે અભ્યાસ કરવો અને જેઓનાથી અભ્યાસ થઈ શકે તેમ ન હોય અને બીજી રીતે અભ્યાસ કરનારાઓને મદદ કરી શકવાની શક્તિ હોય તો તેઓએ અભ્યાસીઓને યથાશક્તિ મદદ કરવી એ તેમની ફરજ છે. એ ફરજ સમજી તે ફરજ અદા કરનારાઓની સંખ્યામાં ઘણો વધારો થાઓ એ માહારી ચોથી ભાવના છે.

ચૌદ રાજલોક એ અસંખ્યાત પ્રદેશાત્મક છે. આત્માના પ્રદેશો પણ અસંખ્યાતા છે. ચૌદ રાજલોકમાં એક પણ પ્રદેશ એવો નથી કે જે પ્રદેશે આપણા જીવે જન્મ મરણ કરેલું ન હોય અથવા તેનો આપણને સ્પર્શ થયો ન હોય. એ ચૌદ રાજલોકમાં સાત રાજ અધોલોક છે. અને સાત રાજ ઉર્ધ્વલોક છે. તેનું પ્રમાણ અને સ્વરૂપ સમજવા જેવું છે, તેના વર્ણનનું આ સ્થાન નથી, એ એક સ્વતંત્ર વિષય છે. આપણે અવ્યાબાધ આત્માનંદ સ્થાન પ્રાપ્ત કરવાને સાત રાજ જેટલા ઉર્ધ્વ પ્રદેશમાં જવાનું છે. અડધ પંથે આપણે આવ્યા છીએ. પંથ વચ્ચે પ્રભુદર્શન-જૈન દર્શનની પ્રાપ્તિ થઈ છે. અહીં આપણને આપણા કર્તવ્યનું ભાન થાય છે. હવે આપણે એવા વિચાર અને આચારનું આલંબન કરવાનું છે કે પુનઃ આપણે તે અધોલોકમાં જવાનો પ્રસંગ આવે નહીં. અધોલોકમાં ભુવનપતિ અને સાત નર્કના સ્થાન છે. રૌદ્રધ્યાનમાં વર્તતો જીવ જો આવતા ભવનું આયુ બાંધે તો પ્રાયેઃ નર્કાયુ બાંધે. રૌદ્રધ્યાન એ ગતિનું કારણ છે. ધ્યાનના જે ચાર ભેદો છે, તેમાં ૧ આર્તધ્યાન ૨ રૌદ્રધ્યાન, ૩ ધર્મધ્યાન અને ૪ શુક્લધ્યાનનો સમાવેશ થાય છે. આર્તધ્યાનમાં વર્તતો જીવ જો આવતા ભવનો બંધ પડે તો પ્રાયે તિર્યંચના ભવનું આયુષ બાંધે. અને રૌદ્રધ્યાનમાં વર્તતો બંધ પાડે તો નરકાયુનો બંધ પાડે. ધર્મધ્યાનમાં વર્તતો જીવ મનુષ્ય અને શુક્લધ્યાનમાં વર્તતો જીવ દેવાયુના બંધ પાડે. શુક્લધ્યાની જીવ ક્ષપકશ્રેણી માંડી કર્મ ખપાવી કેવળજ્ઞાન ઉત્પન્ન કરી શકે; પણ આપણે ઉપર જોઈ ગયા છીએ કે વર્તમાનમાં આ ક્ષેત્રઆશ્રિ તેનો અભાવ છે. ત્યારે હવે આપણે આગામી ભવના માટે એટલી કાળજી રાખવી જોઇએ કે મનુષ્ય ભવમાંથી હલકી કોટીમાં આપણે જઇએ નહીં. અહીંજ સંભાળ રાખવાની છે. મનુષ્યભવની દુર્લભતા દશ દ્રષ્ટાંતથી શાસ્ત્રકારોએ દર્શાવી છે. ઘુણાક્ષર ન્યાયની પેઠે મનુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ષ્યનો ભવ ઘણો દુર્લભ છે. લાકડાની અંદર ઊપજતા કીડા જે ઘુણા નામથી ઓળખાય છે. જે લાકડામાં ઉત્પન્ન થાય છે અને લાકડામાં કોતરે છે; તેથી સ્વભાવિક અક્ષરો પડે છે. અક્ષરો કોતરવાનો તેમનો ઇરાદો કે પ્રયત્ન હોતો નથી. તેવીજ રીતે ઇરાદા પુર્વક મનુષ્યભવ મળી શકતો નથી. પણ પુર્વભવમાં જે કંઇ શુભ કૃતિ કે ભાવના ઉત્પન્ન કરી હશે તેના યોગે આ ભવ પ્રાપ્ત થયો છે. આવો અમુલ્ય મનુષ્યભવ પ્રાપ્ત કરી વિષય કષાયમાં રકત થઇ જીવન પુરૂ કરીશું તો પછી આત્માનંદ પ્રાપ્ત થવો મુસ્કેલ છે. આત્માનંદ પ્રાપ્ત કરવાની કુંચી તો ધર્મધ્યાન અને શુકલધ્યાનનું સ્વરૂપ સમજી તેમાં રમણુતા કરવી એ છે. તેમાંજ આપણું ભાવી સુખ અને આનંદ છે. ધર્મધ્યાની અને શુકલધ્યાની જીવ અશાતા વેદનીકર્મ બાંધી શકે નહી અને અશાતા વેદની કર્મનો બંધ જો ન પડે તો ભાવી અશાતા વેદની કર્મ ભોગવવાનો પ્રસંગ જ આવવાનો નહીં. જ્યાં કારણનો અભાવ ત્યાં કાર્યનો અભાવજ હોય એ ન્યાય છે. નૂતન વર્ષમાં જીવો ધર્મધ્યાન અને શુકલધ્યાનના અભ્યાસી બની આત્માનંદ પ્રાપ્ત કરો એવી માહારી અંતીમ ભાવના છે.

આ માસમાં આપણા વાર્ષિકપર્વ પર્યુષણપર્વ આવવાનાં છે. એ પર્વનું શુદ્ધ રીતે આરાધન કરનાર, શ્રદ્ધાપૂર્વક કલ્પસૂત્ર સાંભળનાર કર્મ નિર્જરાવી આત્માનંદ મેળવી શકે છે. ગતવર્ષમાં જે કંઈ અશુભ કર્મબંધના કારણ સેવ્યા હોય, અથવા કોઈની સાથે વેર વિરોધ થયો હોય તો વાર્ષિક પ્રતિક્રમણ અને ક્ષમાપના શુદ્ધ અંતઃકરણથી કરી કર્મરહિત થવાને માટે પ્રયત્ન કરવાની ફરજ નહીં ભૂલવાને જો આ પ્રસંગે સૂચના કરૂં તો તે અવસરસર છે. ગતવર્ષમાં સાંસારિક કાર્ય અને ધર્મધ્યાન અને આત્મહિતના કાર્યમાં જીવનનો કેટલો કેટલો કાળ ગયો તેનું બારીક રીતે અવલોકન કરીશું, તો આપણને સમજવાને અડચણ પડશે નહીં. અત્રે વ્યવહાર અને નિશ્ચય દૃષ્ટિથી તપાસ કરવાની છે. વ્યવહાર દૃષ્ટિથી તપાસ કરીશું તો જાણે આપણે ઘણું કામ કર્યું છે અને કૃતકૃત્ય થઈ ગયા છીએ એમ લાગશે; પણ આત્મહિત અને આત્માનંદને માટે એ દૃષ્ટિથી અવલોકન કરવાનું નથી. અહીં તો નિશ્ચય દૃષ્ટિથી તપાસ કરવાની છે. ને તે કરીશું તો જ આપણે આપણા હિતાહિતનો વિચાર કરી શકીશું. આત્માને હિતાવહ કયું કાર્ય આપણે કર્યું, એનોજ આપણે તપાસ કરવાનો છે. જેટલા જેટલા અંશે તેવાં કાર્ય વધુ થયાં હશે, તેટલે તેટલે અંશે તત્ત્વથી આપણી પોતાની જાતને ફાયદો છે. પર્યુષણ જેવા પવિત્ર દિવસોમાં આ કાર્ય આપણે ખાસ કરવાને ભૂલવું જોઈતું નથી. જો એક વખત અવસર જવા દીધો તો ફરી એક વર્ષ સુધીમાં એવો અવસર આવવો મુશ્કેલ છે. જો એ કાર્ય આપણે ફત્તેહમંદીથી કરીશું તો તેનાથી કેવો આનંદ મળશે, એ અનુભવની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાત છે. અનુભવ કરી જોઈશું તો ખબર પડશે. માટે એ અવસર ફોગટ ન ગુમાઈ જાય એના માટે આપણે ખાસ સાવચેતી રાખવાની છે.

નૂતનવર્ષમાં જૈન શાસન જયવંતુ વર્તો અને સકળ જગતના જીવો વૈરવિરોધ રહિત થઈ, આત્માનંદના ભોગી થાઓ, એજ મ્હારી પ્રબળ ભાવના છે.

**વકીલ નંદલાલ લલ્લુભાઈ—વડોદરા.**

# કર્મ મિમાંસા.

( ૩ )

( ગતાંક અશાડ માસના પા૦ ૩૦૮ થી શરૂ. )

હવે કર્મના પ્રવર્તન સબંધે અર્થાત નવા કર્મોની રચનામાં કયા તત્ત્વો નિયામક હોય છે તે સબંધી અલ્પ વિવેચન કરીશું.

**આપણા નિત્યના વિચારોથી આપણું ચારિત્ર બંધાય છે:-** આર્ય ધર્મોના પ્રત્યેક શાસ્ત્રનું અવલોકન કરો. અનુભવી જનોને પૂછો અથવા તમારા પોતાના અનુભવથી ખાત્રી કરો તો પણ આ કથનની સત્યતાની તમને પ્રતીતિ થવા યોગ્ય છે, આજે મનુષ્ય જે કાંઈ છે તે તેના ભૂતકાળના વિચારોના જ પરિણામે છે. મહાત્મા જેમ્સે પણ કહ્યું છે કે "As a man thinks, so he is" અર્થાત્ માણસ જેવા વિચારો કરે છે તેવો તે બને છે. દરેક મનુષ્ય થોડાજ દિવસ આ કથનને પોતાના સબંધે સત્ય કરવા પ્રયત્ન કરે તો તેને પોતાના અનુભવની ખાત્રી મળી શકે તેમ છે. એ પ્રયત્નનો માર્ગ પણ બહુ સરલ છે અને થોડાજ કાળમાં એ નિયમના અચળપણાનું ભાન થાય છે. આ જમાનો બહુ થોડા કાળમાં પ્રત્યેક પ્રયત્નનું ફળ ઈચ્છનારો બની ગયો છે, પરંતુ ધૈર્ય અને ખંત વીના તેવું ફળ મેળવી શકાતું નથી એ પ્રાથમિક સિદ્ધાંત ઘણીવાર ભૂલી જવાય છે, તેમ છતાં હમે કહીએ છીએ કે ઉપરોક્ત નિયમના ખરાપણા વીષે તમારે ખાત્રી જોઈતી હોય તો થોડા કાળ નીચેની પદ્ધતિએ ઉદ્યોગ કરવા ભલામણ છે.

ધારો કે વિચારો દ્વારા તમો તમારા ચારિત્રના બંધારણમાં કાંઈક શુભ અંશ ઉમેરવા અથવા કાંઈ નહી ઈચ્છવા યોગ્ય અંશ તેમાંથી કાઢી નાખવા માગો છો, કોઈ માનસિક નબળાઈ, અદૃઢપણું, સ્વાર્થપરતા, અથવા વિષયલાલસાના પ્રા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બલ્યથી છુટા થવા ઈચ્છા ધરાવો છો અથવા તમારો મીજાજ તમે હાથમાં રાખી શક્તા નથી અને જીવનના અનેક નાના નાના તુચ્છ પ્રસંગોમાં છેડાઈ જઇ તમારી નબળાઈનો પરિચય આપો છો. આવા પ્રકારની અપૂર્ણતાઓ અથવા ખામીઓ એ કાંઇ ગુન્હા નથી, તેમજ તે માટે તમને ફોજદારી કાયદાનો પણ કાંઈ પ્રતિબંધ નથી, માત્ર હૃદયની દુર્બળતા છે. હવે માનો કે તમોને ક્રોધ કરવાની બહુ ટેવ પડી ગઈ છે અને વાત વાતમાં મીજાજ ખોવાઈ જાય છે. તમને પોતાને પણ ખબર છે કે મારી આ આદત બહુ ખરાબ છે અને કુટુમ્બ અને સમાજમાંથી એ કારણને લીધે મારી કિંમત બહુ ઓછી થાય છે. છતાં ટેવ એવી ચીજ છે કે તેના ઉપર મજબુત અંકુશ ન રાખવામાં આવે તો તે પુન: પુન: અજ્ઞાતપણે આપણા અંત:કરણની સપાટી ઉપર આવીં પોતાના અસ્તિત્વનો પરિચય આપે છે. આ ચારિત્ર–દુષણથી મુક્ત થવા માટે હવે તમને પ્રબળ ઈચ્છા થઈ છે, અને દોષ ટાળવાની ઈચ્છા કયા મૂર્ખને ન હોય? તેથી તમે ઉપરોક્ત નિયમને તમારા પોતાના સબંધમાં પ્રવર્તાવવા માગો છો. એ નિયમ કહે છે કે "તમે જેવા વિચારો કરો તેવા તમે બનો છો" આમ છે તો હવે તમારે એવા વિચારો કદી જ ન કરવા જોઈએ કે "હું બહુ ચીઢીયા સ્વભાવનો માણસ છું. મારો મીજાજ મારા હાથમાં નથી." કેમકે એમ કરવાથી તમે ચીઢીઆપણાના વિચારો કરો છો અને એ ટેવના મૂળમાં વિચારો રૂપી જળ રેડી તેને અધિક પોષણ આપો છો. તમે ક્રોધનું ચિંતન કરો છો તો તમે જરૂર ક્રોધની મૂર્તિ બનવાના. કેમકે "જે જેનું ચિંતન કરે તે તે મય થઈ જાય" એવો કર્મસત્તાનો સનાતન અને વિશ્વવ્યાપી મહા નિયમ છે. આથી તમારે ક્રોધને બદલે **"ક્ષમા"** નું ચિંતન કરવું જોઇએ. ક્ષમા ગુણના સ્વરૂપની રૂપરેખા તમારા હૃદયપટ ઉપર કલ્પનાની પીંછીથી ચીતારો અને તેના ચિંતનમાં થોડીવાર મશગુલ બનો. ગુણનું ચિંતન ન બને તો તે ગુણના ધારક કોઈ આદર્શ મહાપુરૂષ, જેનામાં એ ગુણનો બહુ પ્રકર્ષપણે આવિર્ભાવ હોવાનું તમે માનતા હો, તેનું ચિંતન કરો. તેના ધૈર્યનું, ક્રોધના પ્રબળ નિમિત્તોની મધ્યમાં તેણે જે દઢતા રાખી હોય તેનું–તેની આનંદ–મંગળ પ્રકૃતિનું ચિત્ર તમારી માનસ–ચક્ષુ આગળ રચો અને હમેશા ક્ષણ બે ક્ષણ તેને જોયા કરો. થોડા દિવસ અવ્યવહિતપણે–નૈરંતર્યપૂર્વક આ અભ્યાસ રાખવાથી તમને પોતાને તમારી પ્રકૃતિમાં અદ્ભૂત અવસ્થાંતર પ્રતિત થશે. એ એકજ અનુભવથી તમને ખાત્રી થશે કે એ નિયમ કેવું સત્વર ફળ દેનાર અને અમોઘ છે. અને એક વખત જ્યારે તમને ખાત્રી થશે એટલે તમારા જીવનના સર્વ પ્રસંગોમાં એ નિયમ પ્રવર્તાવવાનું તમને મન થયા સિવાય રહેશે નહીં. હમેશા સવારમાં પાંચજ મીનીટ તમો જે ગુણને ઇચ્છતા હો તેનું ચિંતન કરો. અથવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાર્થના–ભૂવન–દેવાલયમાં જઈ તમારા ઈષ્ટ દેવના સ્વરૂપના અનંત ગુણો માંહેના એ ખાસ ગુણનું સ્મરણ અને ચિંતન કરો. પરમાત્મા સર્વ ગુણોના પરમ નિકેતન છે.મનુષ્ય આત્મા તેને જે ગુણની જરૂર હોય તે ગુણને પોતાના ચિંતન દ્વારા તેમની પાસેથી આકર્ષી લઇ પોતાના સ્વરૂપને સમૃદ્ધ કરી શકે છે. પરંતુ શરત એટલીજ કે જ્યાં-સુધી એ ગુણની ઠીક ઠીક કળા તમારામાં ઉદય ન પામે, ત્યાંસુધી તમારે દરરોજ તે ગુણનું ધ્યાન કરવું જોઇએ. એક દીવસ તેમ કર્યું અને વળી એક અઠવાડીયું પડતું મુકયું, વળી બે દિવસ ખુબ જોર પૂર્વક ભાવના ભાવી અને વળી એ વાત કેટલાક દીવસ વિસારે પાડી, એમાં કાંઇજ સાર નથી. અત્યારે આપણો જમાનો એવો ક્ષણ–સ્વભાવી અને તરલ પ્રકૃતિનો બની ગયો છે કે થોડા દીવસ પણ નિરંતરના પ્રયત્ન પૂર્વક નિયમિત અભ્યાસ કરવાનું ધૈર્ય બતાવી શકતો નથી. થોડો એકદમ જોસ ચઢે છે અને પાછું, તે જોસનો પ્રત્યાઘાત થતાં, એકદમ તે નરમ પડી જાય છે. આ જોસ આવવો તે શકિતનું સુચક નથી પણ મનુષ્ય આત્માની મોટામાં મોટી નબળાઇ છે. અતિઆવેગ એ બળને નહી પણ સન્નિપાતના રોગવાળા મનુષ્યને જેવા આંચકા આવે છે તેવા નહિ ઇચ્છવા યોગ્ય સામર્થ્યને સૂચવે છે. આથી મનુષ્યોએ એવા ક્ષણિક આવેગને વશ બની કોઇપણ કાર્યમાં નહી પડતા **ધૈર્ય** અને **દૃઢતા** પૂર્વ પ્રત્યેક કાર્યમાં પડવું જરૂરનું છે. અને તેમ ન થાય ત્યાં નિરાશા જ નિર્માએલી હોય છે. આથી ઉપરોકત નિયમના ફળની પ્રતીતિ માટે જે અભ્યાસ આવશ્યક છે તે થોડા દીવસ નિરંતર અને નિયમિત અભ્યાસ છે. અનિયમિતતા એ મનુષ્યને ઘાણીના બળદ જેવો બનાવે છે. એ બળદને મહેનત અને પરિશ્રમ બીજા બળદો કરતાં જરાપણ ઓછો કરવો પડતો નથી–ઉલટો અધિક હોય છે–છતાં દિવસના શ્રમને અંતે તેણે એક પણ કદમ આગળ ભર્યું હોતું નથી. આથી નિયમીતપણું એ અભ્યાસના ફળનું એક અત્યંત આવશ્યક અંગ છે. અને ભૂતકાળની એકત્ર થએલી કર્મસત્તા જે ટેવરૂપે પરિણમેલી હોય છે, તેને નિવારવાનું અમોઘ શસ્ત્ર છે.

ચિંતન કેવા પ્રકારે કરવું એ માટે ચોક્કસ પ્રકારના નિયમ આપી શકાય નહીં. જે ગુણની તમારે જરૂર હોય તેનું ચિત્ર રચી તે તમને બહુજપ્રિય છે એમ સ્વિકારો. અથવા કોઇ વ્યકિત વિશેષમાં એ ગુણનું તારતમ્ય બહુજ છે અને તેવું તમને પણ હો એવી પ્રબળ ઇચ્છા કરો એ બધામાંથી ગમે તે એકાદ પ્રકારે તમે એ ગુણનું ચિંતન કરો તો ચાલશે. પ્રકાર એ બહુ મહત્વની કે અગત્યની વાત નથી. તેમ કરવામાં એ ગુણ પ્રતિ તમારો રસ કેવો છે–તમને એ ગુણના આસ્પદ પ્રત્યે પ્રેમ કેવો વર્તે છે–એ મહત્વની બાબત છે. જેમ જેમ તે તે ગુણ પ્રત્યે તમારો પ્રેમ વધતો જશે, તેમ તેમ તમે અધિક અધિક તે તે મય બનવાના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હમારી ભલામણ છે કે તમો જરૂર એકવાર આ યુક્તિ તમારા પોતાના સંબંધમાં અજમાવી જુઓ. તમને અવશ્ય પ્રતીતિ થશે કે " વિચાર ચારિત્રનું નિયામક છે. " ઘણા મનુષ્યોએ પોતાના દુષણો આ યુક્તિનું અવલંબન લઈ નિવાર્યા છે. અને જ્ઞાનીજનો તરફથી સર્વ મનુષ્યો પ્રત્યે એજ સલાહ અનંતયુગોથી અપાતી ચાલી આવે છે. કેમકે તેઓ અનુભવથી જાણે છે કે અત્યારના દુષણો એ ગતકાળના વિચારના પરિપાકરૂપે છે અને વર્તમાન વિચારથી તેમાં મરજી પડે તેવો ફેરફાર થઇ શકવા યોગ્ય છે. જેમ એક શસ્ત્ર સામે બીજું પ્રબળ શસ્ત્ર અથડાવવાથી પ્રથમનું શસ્ત્ર નાશ પામે છે, તેજ પ્રમાણે પૂર્વના બંધાયેલા વિચારોથી જે અયોગ્ય મનો પરિણામરૂપી કર્મ તમારા હૃદય–દેશમાં વસેલું હોય છે તેને હાંકી કાઢવા માટે તેનાથી વિરોધી પ્રબળ મનોપરિણામને તેની સામે પ્રેરી તેનો વિનાશ કરી શકાય છે, એ તદ્દન ખુલ્લી અને સર્વથી સમજી શકાય તેવી વાત છે, છતાં કેટલા થોડા મનુનુષ્યોને એ સાદા પરંતુ અમોઘ નિયમમાં વિશ્વાસ છે. જૈન શાસ્ત્રકારોએ કર્મના સંક્રમણ સંબંધી જે ઉલ્લેખ કર્યો છે, તે આ મહાન નિયમને ઉદ્દેશીનેજ કર્યો છે. તેઓ જાણતા હતા કે એક અનિષ્ટ ચારિત્રઅંશને અમુક ભાવના કે વિચારો દ્વારા પલટાવી તેને ધાર્યા મુજબ બનાવી શકાય છે. પરંતુ આજે આપણે એ કર્મના ભેદ અને ભંગજાળ મુખપાઠ કરી કડકડાટ બોલી જઇએ છીએ, છતાં તેને આપણા પોતાના ચારિત્ર દુષણ ઉપયોગ કરવાનું કોઈ વાર ભાગ્યેજ વિચારીએ છીએ. કર્મગ્રંથમાં અને અન્ય તેવાજ ગ્રંથોમાં વર્ણવેલી અનેક બાબતો બહુજ વ્યવહારૂ અને નિત્ય ઉપયોગમાં આવી શકે તેવી કાર્યકર છે. નહીં કે માત્ર સંભાવનાઓ ( theory ) રૂપે અને બુદ્ધિમાનોના બુદ્ધિના સ્મરણ ચિન્હ તરીકે છે. પરંતુ આજે આપણા કમનસીબે તેઓ ઉલટા ભારરૂપ થઈ પડ્યા છે. કેમકે કાંઇ પણ ઉપયોગી થવાને બદલે તેઓ ઉલટો, આ ભીષણ જીવન કલહના દુ:ખમય યુગમાં આપણા મગજ ઉપર બોજો વધારે છે. જેમ કસ્તુરી તેના ઉત્પાદક મૃગને કાંઈજ કામ આવતી નથી, તેમ કર્મગ્રંથના અમુલ્ય રહસ્યો ( તેનો ઉપયોગ નહી કરવાથી ) આપણને આ કાળે કાંઈજ કામના થઈ પડતા નથી, એ ખરેખર આપણું કમનસીબ સૂચવનાર છે, પરંતુ હવે મૂળ વાતઉપર આવીએ.

ઉપરોક્ત નિયમને આપણા પોતાના સંબંધે પ્રવર્તાવવાથી ભૂતકાળના કર્મો જે અનિષ્ટ ચારિત્રરૂપે પરિપાક પામ્યા હોય છે તેને દૂર કરી શકાય છે. નિર્બળતાને સ્થાને સબળતાનું અધિષ્ઠાન કરી શકાય છે. કડીઓ જેમ એક પછી એક ઈંટ મુકીને આખી દીવાલ રચે છે, તેમ આપણે પણ એક પછી એક ઉત્તમ લક્ષણ આપણા આત્મબંધારણમાં દાખલ કરી અખીલતા મેળવી શકીએ છીએ. આ નિયમ એટલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બધી અમોઘતા પૂર્વક કામ કરે છે કે તેને સ્હેજ પણ અમલમાં મુકતા પ્રયત્નના પ્રમાણમાં ન્યુનાધિક ફળ જરૂર તુર્તજ જણાવ્યા વિના રહેતો નથી. અમે ઉપર કહ્યું તેમ હમેશ પાંચજ મીનીટ પ્રયત્ન કરી ખાત્રી કરો અને પછી તમને એમ ભાન થશે કે તમે એક મહાન રહસ્ય ઉપલબ્ધ કર્યું છે. એક અદ્‌ભુત સામર્થ્યનું પ્રભવસ્થાન ખોળી કાઢયાનું તમને ભાન રહેશે. ચારિત્રમાં કયો અંશ રાખવો અને કયો બાતલ કરવો એ સંબંધમાં પછી તમે ગુલામ નહીં પણ સ્વામી બનવાના. તમને જણાશે કે તમે મરજી પડે તેવા બનવા શક્તિમાન છો. એક અધમાધમ નર પિશાચ બનવું અથવા સર્વકલ્યાણકર મહાયોગી બનવું, એ પસંદગી તમારા પોતાના આધિનમાં રહેશે. ગમે તેવા ઉત્તમ ચારિત્રશીલ બનવાને પછી તમને ફક્ત **પ્રયત્ન** અને **સમય**ની અપેક્ષા રહેવાની અને **શ્રદ્ધા** થયા પછી પ્રયત્નનાં શ્રમ જણાતો નથી. તેમજ સમયના વહેવામાં કંટાળો પણ અનુભવાતો નથી. ઉલટો તેમાં નિત્ય નવો આનંદ આવતો અનુભવાય છે. એક લાખ રૂપીયા ભેગા કરવા ઈચ્છનારને જેમ નિત્ય સો સો રૂપીઆ કમાવાથી એવો કંટાળો નથીજ આવતો કે આમ સો સો રૂપીઆ કયારે પુરા થવાના, તેજ પ્રકારે નિત્ય પ્રતિ ઈષ્ટ ચારિત્રમાં થોડો અંશ ઉમેરનારને પણ " મોડાપણા " ને લીધે કંટાળો આવતો નથી. એ મનુષ્ય નહી પણ દેવ છે કે જેનામાં ઉપરોક્ત નિયમ સબંધે દૃઢ **શ્રદ્ધા** છે, પ્રયત્ન માટે **શકિત** છે, અને સમય વિતતા સુધી રાહ જોવાનું **ધૈર્ય** છે.

અનેક મનુષ્યો આખો દીવસ ફર્યાદ કર્યા કરે છે " હું સારો બનવા નીતિમાન બનવા ધર્મિષ્ટ બનવા બહુ ઈચ્છું છું, પણ મારા નસીબમાં તેવા બનવાનું લખાયું નથી." એક રીતે તે ભલા માણસની વાત ખરી છે. તેનું વર્તમાન ચારિત્ર બંધારણ જોતાં, તે અત્યારે જેવો છે તે કરતાં બીજી રીતે હોઇ શકેજ નહીં. કેમકે મનુષ્યનું બાહ્ય વર્તન કે ચારિત્ર એ તેની આંતર સામગ્રીનોજ બહિર્ભાવ માત્ર છે. તેનું આંતર બંધારણ જેવા પ્રકારનું હોય તેથી બીજી રીતનો તે બહાર કેવી રીતે જણાઇ શકે ? અલબત ઢોંગથી, કપટથી, પ્રતારણાથી, છળથી માણસ અંતરમાં હોય તેથી બીજા પ્રકારનો દેખાવ કરવા ઘણીવાર વિજયી નીવડે છે, પરંતુ જેમ નાટકની રંગભૂમિ ઉપર રમણીનો પોશાક ધારણ કરી સ્ત્રીને યોગ્ય અભિનય કરનાર પુરૂષનું પુરૂષત્વ ખરા અને અનુભવી પ્રેક્ષકથી ઢાંકયુ રહેતું નથી તેમ મનુષ્ય અંતરથી ખરેખર કેવો છે તે ખરા અને પાકા અવલોકનકારથી છુપ્યો રહેતો નથી. જેમ નાટકની રંગભૂમિ ઉપર બાળકો અને અનભિજ્ઞો ભૂલાવામાં પડી બાહ્યાચ્છાદનના પ્રભાવથી પુરૂષને સ્ત્રી માને છે, તેમ સંસારની રંગભૂમિ ઉપર પણ લાલચુ અને સ્વાર્થી મનુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓ મોહના આવરણથી ઘેલા બની બાહ્યપરિવેશ અથવા બાહ્ય વર્તનને અંતર સામગ્રીનું સુચક માની લે છે. પરંતુ ખરી વાત તો એ છે કે જેવો મનુષ્ય અંદરથી છે, તેવોજ તે બહાર દેખાય છે. ઉપરોક્ત ફરીયાદ કરનાર પોતાને કર્મની સત્તાને વશ થએલો માને છે અને તેનાથી કોઇ રીતે નજ છુટી શકાય તેવું તે અંતરથી સ્વીકારી બેઠો હોય છે. આમ હોય એટલે કર્મથી છુટવાનો ઉપાય હોવાનું તે ક્યાંથી માની શકે ? " હું આવોજ છું, મારા કપાલમાં આવાજ હોવાનું વિધિએ નિર્મેલું છે." આવા નિસાસાને નાખ્યા કરે છે, અને હંમેશા તેવાજ વિચારોથી એ પામર આત્મા પોતાના વર્તમાન આત્મબંધારણને કાયમ અને દ્રઢ કરવા મહેનત અજ્ઞાતપણે કરતોજ હોય છે. તેને ખબર નથી તે આજે જેવો છે તેવો તે ભૂતકાળના વિચારોના પ્રભાવથી બનેલો છે અને આજ જેવા વિચારો તે કરશે તેવો તે ભાવિમાં બનવા યોગ્ય છે.

વિચારનું સામર્થ્ય છે તે એક અદ્ભૂત સર્જન શકિત છે તેનામાં ચમત્કારિક ઉત્પાદક બળ Creative power રહેલું છે. વેદાન્તીઓ કહે છે કે ઇશ્વરે આ જગત્ પોતાના વિચારબળથી રચેલું છે. બાઈબલ શરૂઆતમાંજ કહે છે કે ઈશ્વરે એવું ઇચ્છયું છે કે જગત પ્રકટો અને તે પ્રકટયું. આ વાત માનવા ન માનવા સાથે અત્યારે આપણે કાંઇજ સંબંધ નથી. પરંતુ એ સર્વ દર્શનકારો વિચારશકિતમાં બહુજ શ્રદ્ધા ધરાવતા હતા તે એમના કથનોથી સ્પષ્ટ થાય છે. અનંત વિશ્વની ઉત્પત્તિ એક પરમ સત્તાના વિચારથી અથવા સંકલ્પથી થયાનું તેઓ માનતા હતા. તો પછી મનુષ્ય આત્મા જે વાસ્તવમાં સત્તાપણે પરમાત્માજ છે અને એક કાળે તેવો બનવાની જેનામાં યોગ્યતા રહેલી છે, તેના વિચારમાં શું કાંઈજ બળ ન હોય ? જરૂર તેની શ્રદ્ધાના પ્રમાણમાં હોવા યોગ્ય છે. એક પરમ સત્તા પોતાના વિચારબળથી વિશ્વને રચવા શકિતમાન હોવાનું મનાય છે તો પછી એક મનુષ્ય તેજ સામર્થ્યથી પોતાના ચારિત્રને રચી શકે અને મરજી પ્રમાણે બનાવી શકે તેમાં નવાઇ જેવું શું છે ? આપણે આપણી પોતાની આંતરૂ સૃષ્ટિ આપણા વિચારો વડેજ રચીએ છીએ. આજ સુધી વિચારો વડેજ તે આપણે રચતા આવ્યા છીએ. પરંતુ આજ સુધી તેમ કર્યું અને હવે પછી તેમ કરશું એમાં તફાવત એટલોજ કે આટલી વાત સમજ્યા પછી તમે હવે પછી જે કાંઈ કરવાના તે જ્ઞાતપણે–ઉપયોગ સહિતપણે નિયમની સમજણ પૂર્વક કરવાના અને અત્યાર સુધી ઓઘપણે સંજ્ઞાપણે–અજ્ઞાતપણે પશુની માફક કરતા આવેલા હતા. માણસ રસ્તો જાણ્યા પછી અરધો અરધ ચિંતામુકત બને છે. પોતે શું છે, કેવા નિયમને તે આધિન છે, એ નિયમને કેવી રીતે પોતાના સબંધે અમલમાં મુકવાથી પોતાનો ઉત્કર્ષ સાધી શકે તેમ છે, એ જાણ્યા પછી તેનો વિકાસ બહુ ઝડપથી થતો ચાલે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવાં બનવું એ આત્માના પોતાનાજ હાથમાં છે. જ્યાંસુધી તે ઉપર જણાવી તેવી ફર્યાદ કર્યા કરે છે ત્યાંસુધી તે પામર અને અજ્ઞાન છે. તેને નિયમની સમજણ મળી હોતી નથી. ચારિત્ર વિષયકકર્મનું બળ ત્યાંસુધીજ છે કે જ્યાંસુધી તેનો ઉપાય હાથમાં આવ્યો નથી. ચારિત્રને ઘડવાની શકિત વિચારમાંજ રહેલી છે. વિશ્વમાં જે જે સર્જનશકિતનો પરિચય છે, તે તે માત્ર વિચાર બળનો છે. એક પરમયોગી અને એક તુચ્છ પામર એ ઉભય પોતાના વિચારના સ્વરૂપભેદથીજ તેવા હોય છે. મનુષ્યો એ શકિતને જો સમજણ સહીત વાપરતા શીખે તો તેમનામાં જે ઇશત્વનો અંશ છે તે સત્વર અભિવ્યકિત પામે એમાં કશીજ શંકા નથી. સર્વ સંસકૃતિનું સભ્યતાનું ફળ ચારિત્રને ઉન્નત બનાવવામાં હોવું જોઇએ, અને ચારિત્ર વિચારો દ્વારાજ ઘડાય છે એ કદીજ ભુલવું ન જોઈએ.

કર્મના સબંધમાં એક બીજો મહા નિયમ આ છે. "પ્રત્યેક ઇચ્છા તે ઇચ્છાના વિષયને પ્રાપ્ત કરે છે." હમે પ્રથમ જે "વિચાર સંબંધી સિદ્ધાંત દર્શાવ્યો તે બુદ્ધિના કાર્યને ઉદ્દેશીને દર્શાવ્યો હતો. એટલેકે વિચાર એ બુદ્ધિજાત છે. તેનું પ્રભવસ્થાન મનુષ્યના મગજમાં છે અને ઇચ્છા છે તે મનુષ્યના હૃદયમાં ઉત્પન્ન થાય છે. પ્રથમનો બુદ્ધિ અંશ એ આત્માની intellectnal બાજુ છે અને બીજો Emotional અંશ છે. વિચાર, સંકલ્પ, નિશ્ચય, મનન, ચિંતન એ બુદ્ધિનું કાર્ય છે. ઇચ્છા, ખેંચાણ પ્રેમ, મમતા, સ્નેહ, આકષર્ણ એ આદિ હૃદયના ધર્મો છે. એ બન્ને આત્માના બહિભાર્વમાં સહાયક છે. તે બન્ને એકજ આત્મતત્વના અંશ હોવા છતાં અને ઉભય અંશનો અંશી એકજ હોવા છતાં કાર્યભેદને લીધે તેને જુદા ગણુવાનો તત્વજ્ઞોએ રિવાજ રાખ્યો છે. પ્રથમ હવે બુદ્ધિ અંશની કર્મસત્તા ઉપર શું અસર છે, તે જણાવ્યું. હવે બીજા અંશ સંબંધી અલ્પ વિવેચન કરીશું.

ઇચ્છા એ સમસ્ત વિશ્વની મહાન પ્રેરક સત્તા છે. બે અણુ ભેગા થાય છે, તે પણ તે અણુમા નિવસતા શક્તિના આકર્ષણવડેજ થાય છે. પદાર્થો એક બીજાને ખેંચે છે તે પણ તે તે પદાર્થગત શક્તિનુંજ કાર્ય છે. રાસાયણીક દ્રવ્યોમાં જે સ્નેહાકર્ષણ અને વિશ્લેષ પ્રતીત થાય છે, તે પણ તે દ્રવ્યગત શક્તિની ઇચ્છાનોજ બહિર્ભાવ છે. ચુંબક લોહ સાથે પ્રીતિ રાખે છે અને પોતાના પ્રભાવક્ષેત્રમાં જ્યાંજ્યાં તે હોય ત્યાંથી તેને ખેંચીને પોતાના આશ્લેષમાં ગ્રહે છે એ સર્વ ઇચ્છાનુંજ કાર્ય છે. આપણામાં જેમ રાગ અને દ્વેષ, પ્રેમ અને તીરસ્કાર, સ્નેહ અને અનાદર છે, તેમ ખનીજમાં પણ તે બીજક રૂપે હોય છે અને ત્યાં, એ મીલન વીખરણ, ભેગા થવું, છુટા થવું, એ રૂપે હોય છે. કુદરતના સર્વ પ્રદેશમાં એ શકિતના પ્રવર્તનનો પરિચય આપણને મળે છે ઇચ્છા ( desire ) અને સંકલ્પબળ ( will ) માં ભેદ એટલોજ છે કે ઇચ્છા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ બહારના પદાર્થો પ્રત્યેના આકર્ષણમાં મુગ્ધ બને છે, તે કાંઇ શુભાશુભ કે યોગ્યા યોગ્યનો વિવેક કરી શકતું નથી, ત્યારે સંકલ્પ એકત્રીત અનુભવના બળથી યોગ્યા-યોગ્યનો નિર્ણય કરી શ્રેયના રસ્તે દોરાય છે. એક સબળ ચારિત્રવાન મનુષ્યને નિર્બળ પામરની વચ્ચે તફાવત એટલોજ છેકે એ નિર્બળ આત્મા સહજ પ્રલોભનથી પોતાનો ધારેલો માર્ગ ત્યજી દઇ બાહ્યાકર્ષણુથી દોરાય છે, ત્યારે સબળ આત્મા પોતાનો આંતરિક અનુભવ અને વિવેક જે માર્ગ દર્શાવે ત્યાં આગ્રહ પૂર્વક ગતિ કરે છે. નિર્બળ મનુષ્ય ઉપર તમે ચોક્કસ કામ માટે કાંઈ આધાર રાખી શકોજ નહી અને તેમાં પણ જે કામમાં પ્રલોભનો અને બાહ્યાકર્ષણો સવિશેષ હોય, ત્યાં તો તે માણુસ નકામોજ છે. એથી ઉલટું સબળ સંકલ્પવાન મનુષ્ય ગમે તેવા પ્રબળ નિમિત્તોની મધ્યમાં એક સરખો દૃઢ રહે છે અને ન્યાયના પથથી લેશ પણ વિચલીત કદીજ થતો નથી.

ઇચ્છાના વિષય પ્રતિ આપણું ખેંચાણ રહ્યાજ કરતું હોય છે. ઈચ્છા એ ઇચ્છકને અને ઈચ્છાના વિષયને ભેગા કરી દે છે. તમે જે જે પદાર્થને મેળવવાની ઇચ્છા કરો છો તે તે પદાર્થ તેને ઇચ્છાના બળથી તમારા તરફ ખેંચતો હોય છે. આ જીવનમાં પ્રત્યેક મનુષ્યને એવો અનુભવ થયાજ કરતો હોય છે કે તેની અનેક મુરાદો પાર પડે છે. દાખલા તરીકે તેને અમુક દેશમાં જવાની ઇચ્છા રહ્યા કરતી હોય તો ત્યાં જવાની તક તેને વહેલી મોડી મળેજ છે. અમુક પુસ્તકોની, જ્ઞાનની, પૈસાની, કીર્ત્તિની આદિ અનેક ઇચ્છિાઓ ઈચ્છા કરનાર અને ઇચ્છિાના વિષયનો સંયોગ સાધી આપે છે. એ સર્વના અનુભવની વાત છે. પ્રબળ ઇચ્છા ન હોય ત્યાંથી તકો આપણી સમીપ લાવે છે. પદાર્થોને આપણી સમક્ષ લાવે છે અથવા આપણુને જ્યાં એ પદાર્થો હોય ત્યાં ઘસડી જાય છે. પ્રત્યેક પ્રાણીના હૃદયક્ષેત્ર ઉપર ઇચ્છારૂપી કલ્પવૃક્ષ રહેલું છે અને તે સંકલ્પ પ્રમાણે ફળ આપ્યા વિના કદીજ રહેતું નથી. ગમે તેવી મોટી અને સદૃઢ ઈચ્છા પણ તેના યોગ્ય ફળને પ્રગટાવ્યા વીના રહેતીજ નથી. પ્રત્યેક ઇચ્છિા અમુક જાતના કર્મો પ્રગટાવે જ છે અને એ કર્મના પરિપાકે આત્માને તે ફળ મળેજ છે. આ નિયમ કર્મના બંધાવામાં અને વિખરાઈ જવામાં સર્વ કરતાં ઉપયોગી સ્થાન રોકે છે. આથી એના વિવેચનની અધિક અગત્ય રહે છે. આપણી જૈન પરિભાષામાં આ કર્મને મોહનીકર્મના નામથી સંબોધેલું છે, પરંતુ એના કાર્ય સંબંધે હજી આપણામાં બહુ અલ્પજ્ઞતા રહેલી છે.

આત્મા કેવી ઈચ્છાઓને વશ બની વર્તે છે, તે સબંધમાં તેણે બહુ ચેતવાનું છે. એક દાખલા તરીકે ધારો કે તમને દ્રવ્યની બહુ ઇચ્છા રહ્યા કરે છે, પુષ્કળ દ્રવ્ય એકત્ર કરી તેનો ઉપભોગ કરવાનું તમને બહુજ મન રહ્યા કરે છે. આવી ઇચ્છા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ જમાનામાં લાખો મનુષ્યોમાં એકાદ કોઇ વિરલ મનુષ્યનેજ નહીં, બાકી તો પામર જનોની ટોળાબંધ સંખ્યા આવી વાસનાને વશજ હોય છે.

આવી વાસના તમને પણ પીડ્યા કરતી હોય તો તમે અમેરીકાના કરોડાધિપતિઓ તરફ જરા નજર કરો. તેમણે વિપૂલ દ્રવ્યના ઢગલાઓ ખડકી રાખ્યા છે, એનો હવે શું ઉપયોગ કરવો તે પણ તેમને ખબર નથી. તેમને આનંદ આપવાને બદલે એ ધન ઉલટો કંટાળો આપતું હોય છે. અલબત તમારી અત્યારની ધનહિન સ્થિતિ તમને ધનમાં આનંદની કલ્પના ઉપજાવે છે, પરંતુ જેને તે પ્રાપ્ત થએલું હોય છે એના અંતરમાં પ્રવેશવાનું તમને કલ્પનાબળ હોય તો ક્ષણભર ત્યાં પ્રવેશ કરી જુઓ. અને તમને માલૂમ પડશે કે ત્યાં આનંદ નથી પણ દુઃખ છે. એ લોકોની પૂર્વવાસના અને તે વાસનાને અનુરૂપ ઉદ્યોગવડે તેઓ એવા સંયોગોમાં જન્મ્યા હોય છે કે જ્યાં તેમની દ્રવ્ય બહુલતાની ઇચ્છાનો પૂર્ણ રીતે બહિર્ભાવ થઇ શકે. તેમનો હેતુ પાર પડી શકે તેવી બુદ્ધિશક્તિ પણ તેમણે મેળવી હોય છે, અને એવી પરિસ્થિતિમાં મુકાયા હોય છે કે જ્યાં તેઓ દ્રવ્ય ઉપાર્જન માટેની શક્તિનો ઉપયોગ પૂર્ણ સ્વતંત્રતાપૂર્વક કરી શકતા હોય છે. તેમનું મન ધરાઇ જાય, ત્યાંસુધી તેઓ ધનના ઢગલા ઉપર ઢગલા ખડકયા કરતા હોય છે. અને આપણને કલ્પના પણ ન થઈ શકે તેટલું દ્રવ્ય એકઠું કરેલું હોય છે, છતાં તેઓની અંતરની દશા ખરી રીતે બહુ અતૃપ્ત અને દુઃખી હોય છે. વાસનાના બળથી આવી મળેલું ધન તેમને કોઇ જુલમગાર રાજાએ શીક્ષારૂપે કોટે બાંધેલા પથ્થરના વજન જેવું જણાતું હોય છે. તે ધન ગુમ ન થાય તેવી ચિંતા તેમને નિરંતર રહ્યા કરતી હોય છે અને તેને સાચવી રાખવા અખંડ સાવચેતી રાખવી પડે છે. એમના અંતરમાં એમજ રહ્યા કરતું હોય છે કે આથી અમને ખરૂં સુખ મુદ્દલ મળ્યું નથી, પરંતુ ઉલટા હમે હમારા બંધુ મનુષ્યોથી વિખુટા પડી ગયા છીએ. ધનની વિપૂળતા મનુષ્ય મનુષ્ય વચ્ચે એક બનાવટી ભેદ ઉભો કરે છે; તેઓ ધનની દીવાલમાં પુરાએલા હોવાથી સામાન્ય સ્થિતિના મનુષ્યો સાથે હળીમળી શકતા હોતા નથી. તેઓ બહુ એકમાર્ગી અને સ્વાર્થી બની જાય છે, તેમનો સમય જવો પણ તેમને ભારે થઈ પડે છે. આજ કારણથી તેઓ દારૂ અને રંડીબાજીમાં પડી પોતાનો કંટાળાથી ભરેલો સમય વિતાવે છે. તેઓ ઘણીવાર એમાં અનિષ્ટતા જોઇ શકે છે છતાં એ સિવાય બીજા પ્રકારના ઉત્તમ આનંદો તેઓ મેળવી શકતા નથી, કેમકે તેમણે માત્ર ધનની અને ધનને અંગે રહેલા ઉપભોગની લાલસા રાખેલી હતી. એ પ્રબળ ઇચ્છાવડે બંધાએલા કર્મનો ઉદય બીજા માણસોને ગમે તેવો સુખકર જણાતો હોય છતાં જરા વિવેકની નજરથી જોવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જઇએ તો તે અધમતાની ઉંડી ખીણ સિવાય અન્ય કશુંજ નથી. તેમને જીવનની ખરી મીઠાશ મળતી નથી. જીંદગીનો હેતુ સમજાતો નથી. તેઓ નિરંતર ચેન વિનાના આરામહિન અને તેઓની આવી સ્થિતિમાંથી ભાગી છુટવા માટે કાંઇને કાંઇ આવેશ ભરેલા પ્રસંગો શોધતા હોય છે. કાંઇક ઉશ્કેરનારી અને ઉત્તેજક પ્રવૃત્તિ ન હોય તો તેમનો વખત જતો નથી; પોતાની વાસ્તવ સ્થિતિના ભાનથી બચવા માટે તેઓ પોતાના મનને ચકડોળે ચઢેલુંજ રાખે છે. ક્ષણ પણ ઉત્તેજક કે ક્ષોભ ઊપજાવવાવાળા નિમિત્તો વિના રહી શકતા નથી. રાત્રે નાટક ચેટક નાચ તમાશામાં તે પછી દારૂની ખરાબીમાં અને સવારથી સાંઝ સુધી ખાવાપીવાની અને દોડધામની ધમાલમાં વખત વીતાવતા હોય છે. આ કર્મની કઠણાઇ આપણે જોઇ શકતા નથી. આપણી નજરે તેઓ સુખી દેખાય છે કેમકે આપણે પણ હજી અજ્ઞાનના ઘાટા જંગલમાં ભમીએ છીએ, છતાં જ્ઞાનીજનો ધનીકોની એ પામરતા જોઈ બહુ ખેદ પામતા હોય છે.

આવા માણસને જ્યાંસુધી ધન મળ્યું હોય, ત્યાંસુધી તે મેળવવાની પ્રબલ વાસના રહ્યા કરતી હોય છે. અને એ વાસના તેની પાસે અનેક પ્રકારના શુભાશુભ ઉદ્યોગો કરાવે છે. તે અનેકવાર નિરાશ બને છે, વળી વાસનાના ધક્કાથી પાછો સચેત બની ફરીથી પ્રયત્ન આરંભે છે, એમ અનેક ઉથલપાથલોના અંતે અને એકત્ર થએલી વાસનાના પરિપાક કાળે તે પોતાની ઇચ્છાંનો વિષય મેળવે છે. પરંતુ એ સુખ કયાંસુધી ચાલે છે ? કદાચ તમે જવાબ આપશો કે જ્યાંસુધી એ ધન ચાલે છે ત્યાંસુધી ! હમે તમારા મતથી જુદા પડીએ છીએ. હમે કહીએ છીએ કે જ્યાંસુધી તેની નિર્ધન અને સધન અવસ્થાઓનો મુકાબલો તે કરતો હોય છે, ત્યાંસુધીજ તે સુખ ચાલે છે, ત્યાંસુધીજ તે આનંદ મેળવે છે; પરંતુ તે મુકાબલાનું ભાન લાંબો કાળ ચાલતું નથી. પાછો પુનઃ તે પોતાની સધન અવસ્થાને ટેવાઇ જાય છે. અગાઉ જેમ તે નિર્ધનતાને ટેવાએલો હતો, તેમ તે દ્રવ્યની વિપૂલતાને ટેવાઈ જાય છે, પછી તો જે નિત્યનું છે, તેમાં આનંદ આવતો નથી. રંક ભિખારીને ગોળમાં જે ગળપણ અને આનંદ જણાય છે તે હમને કે તમને જણાતો નથી, કારણકે એને આપણે ટેવાઇ ગયા છીએ. ધનીકના સંબંધે પણ તેમજ છે. તેની મખમલની શય્યા અને સુવર્ણથી રસેલા પલંગો તેને અગાઉની જેમ મોહક જણાતા નથી. આપણને સાધારણ પથારીમાં જે સ્વાભાવિકતા ભાસે છે તે કરતાં અધીક તે પામર ધનીકને કાંઇજ અધિક જણાતું નથી. તેની વાસનાએ તેને એકવાર જ્યાં આનંદ મનાવ્યો હતો ત્યાં હવે તેને આનંદ જણાતો નથી. તે હવે પોતાની ભૂલ સમજતા શીખ્યો હોય છે.

( અપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર અને સમાલોચના.

## નીચેના ગ્રંથો અમોને ભેટ મળેલા છે જે ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે.

૧ **કલ્પસૂત્ર મૂળ સાથે ભાષાંતર**—આ અપૂર્વ ગ્રંથ જેમાંકે મૂળ સાથે હિંદી ભાષાંતરની યોજના કરેલી છે. તેના અનુવાદક મુનિરાજશ્રી માણેક મુનિ છે. હિંદી ભાષાંતર કરી તે પ્રકટ કરવામાં મેવાડ–મારવાડ પંજાબ બંગાળ વીગેરે દેશના વાચક જૈન બંધુઓને તે જાતની ખોટ પુરી પાડી છે. જે તેના પ્રકાશક સોભાગમલ હરકોવત અજમેરવાળાને ધન્યવાદ ઘટે છે. ભાષાંતર પણ સરલ રીતે થયેલ છે. કિંમત રૂા. ૧–૮–૦ પ્રકાશક પાસેથી મળી શકશે.

૨ **વિમલવિનોદ**—લેખક એમ. વી. મોક્ષાકર. પ્રકાશક ઝવાહીરલાલ જૈની સીકંદરાબાદવાળા તરફથી અભિપ્રાયાર્થે અમોને ભેટ મળેલો છે. આ ગ્રંથમાં સ્વામી દયાનંદ સરસ્વતીએ સત્યાર્થપ્રકાશાદિ ગ્રંથમાં જૈનધર્મની જે નિંદા કરી છે તેના દરેક મુદ્દા ઉપર દલીલથી યોગ્ય રીતે ઉત્તર આપવામાં આવ્યો છે. અને તેમની પોલ ઉઘાડી પાડી છે. ગ્રંથની સંકલના હિંદીમાં પ્રશ્નોત્તરરૂપે કરેલી હોવાથી વાંચનારને આનંદ પડે તેમ છે. કિંમત દશ આના.

## શ્રીમદ્ વિજયાનંદ સૂરિશ્વરજી મહારાજના પરિવાર મંડળના મુનિરાજોના ચાતુર્માસ.

મુનિરાજશ્રી દોલતવિજયજી મહારાજ આદિ ઠાણાં ૨ ઠે. સરદારબજાર પુનાકેમ્પ.
મુનિરાજશ્રી માણેકવિજયજી, મુનિશ્રી માનવિજયજી, મુનિશ્રી નરેંદ્રવિજયજી મુનીશ્રી સંતોષવિજયજી, પાટણ ઠે. મણીયાતીપાડો.
મુનિશ્રી જયવિજયજી મહારાજ, મુનીરાજશ્રી લલિતવિજયજી મહારાજ વગેરે. જામનગર.

### સુધારો.

મુનીરાજશ્રી ભક્તિવિજયજી મહારાજ, મુનીશ્રી યશોવિજયજી. તળાજા.
મુનીશ્રી કુસુમવિજયજી મહારાજ. ઇંદોર ( માલવા )
મુનીશ્રી મોતિવિજયજી મહારાજ, મુનીશ્રી લાવણ્યવિજયજી મુનીશ્રી કીર્તીવિજયજી મહારાજ વીગેરે. અમદાવાદ ઠે. રતનપોળ.
મુનીરાજશ્રી લબ્ધીવિજયજી મહારાજ વીગેરે. અમદાવાદ ઠે. પાંજરાપોળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


**જૈન પ્રજાનું નિડર સ્વતંત્ર અને ઉચ્ચ કોટિનું વાચન પુરૂં પાડનારૂં સાપ્તાહિક પત્ર.**

# —જૈન શાસન—

## [ગુજરાતી–હિન્દી]

**પ્રતિ બુધવારે પ્રાતઃકાલે પ્રકટ થાય છે.**

હિંદુસ્થાનના ચારે ભાગોમાં વસતી સમગ્ર જૈન પ્રજાનો અવાજ પ્રકાશમાં લાવનારૂં, તેમને પ્રગતિમાં મૂકવાને નવાં આન્દોલનો પ્રસારતું, રાજ્યદ્વારમાં તેમના સિધ્ધાંતોની ઘોષણા પહોંચાડનારૂં, આગેવાનો અને વિદ્વાનોના પ્રમાદને ઊડાડનારૂં અને શ્રાવિકા બહેનોની સુધારણા માટે શ્રમ કરનારૂં આ એક અદ્વિતીય પત્ર છે. ઊંચા વિચારો ધરાવનારા બન્ધુઓમાં માન પામતું જાય છે. તટસ્થ પણે સત્યાસત્ય દાખવે છે. જૈન સમાજની કોમોમાં પેઠેલા સડાઓ માટે કડક શબ્દોમાં બોલે છે એક સુધરેલી કોમને જેવું જોઇએ તેવું વાજીંત્ર બનવાને હરેક તકે પ્રયાસ કરે છે. પોતાના લેખન વિષયોમાં દિવસે દિવસે સુધારા કરે છે. વેપાર અને હુન્નર કળા જે વિષય ખાસ જૈન સમાજનો છે છતાં તેનો જૈન સમાજનાં પત્રોમાં સમૂળગો અભાવજ છે તો અભાવને દુર કરવાને ચિન્તન થાય છે. જૈન ધર્મનાં તત્વ જ્ઞાન અને સત્ય રહસ્યને પ્રકટાવવાને મન્થન કરે છે તેવા આ એક ઉછરતા વાજીંત્રને માત્ર એકવાર મંગાવી વાંચી જોવા ભલામણ કરવામાં આવે છે. નમુનો મફત મોકલવામાં આવે છે. જૈન સમાજની ચર્ચાઓ અને ધર્મ તથા રીત રીવાજોના વાદગ્રસ્ત પ્રશ્નોને ખુશીથી સ્થાન આપવામાં આવે છે પ્રતિ વર્ષે દળદાર પુસ્તક ભેટ આપવામાં આવે છે. આ ચાલુ વર્ષમાં “ કુસુમશ્રી ” નામનું પુસ્તક ભેટ તરીકે બહાર પડયું છે. વાર્ષિક લવાજમ રૂા. ૩–૦–૦ અગાઉથી. ભેટનાં પુસ્તકના વી. પી. ખરચના રૂા. ૦–૩–૦ અલગ. માત્ર એક નમુનો મંગાવીને વાંચી જુઓ.

**લખો:—અધિપતિ ‘જૈન શાસન’—ભાવનગર.**

**આઠ હજાર શ્લોકનો પ્રથમ ભાગ બહાર પડી ચુકયો છે.**

**શ્રી સિદ્ધર્ષિ ગણિ રચિત.**

# ઉપમિતિ ભવ પ્રપંચા કથા.

**( ત્રણ ભાગમાં પત્રાકારે વીશ હજાર શ્લોકનો સાહિત્ય સાગર. )**

સાગરમાં અનેક પ્રકારનાં રત્નો હોય છે, તેમ આ મહાન ગ્રંથમાં સાહિત્યનાં અંગોપાંગનાં અલંકારો ભરેલાં છે. આ ગ્રંથની પ્રશંસા કરવી તે કસ્તુરીની સુગંધ અને સુવર્ણની કાંતિનાં પ્રશંસા પત્રો મેળવવા શ્રમ સેવવાના સરખું છે. અદ્ભુત કલ્પના કરવાની પ્રતિભા શક્તિવાળા આ ગ્રંથના વિદ્વાન કર્તાની શૈલી અને કથાના રૂપમાં અદ્ભુત કલ્પનાને યોજવાનાં સામર્થ્યથી વક્તા અને શ્રોતાઓને અપૂર્વ આનન્દ પ્રકટ થાય છે. આવી અમૂલ્ય વાચનાનો પ્રત્યેક સાહિત્યવિલાસી વિદ્વાન મુનિરાજ અને વિદ્વાનશીલ શ્રોતાઓ સહેલાઇથી લાભ લઇ શકે તેટલા માટે તેને ત્રણ ભાગમાં વહેંચી નાંખવામાં આવ્યો છે. પહેલા ભાગમાં ત્રણ પ્રસ્તાવ, બીજા ભાગમાં ચારથી છ પ્રસ્તાવ, અને ત્રીજા ભાગમાં સાતથી આઠ પ્રસ્તાવ સમાવવામાં આવ્યા છે. છુટક ભાગો ખરીદ કરનાર પાસેથી પહેલા, બીજા અને ત્રીજા ભાગના રૂ. ૬–૦–૦, રૂ. ૬–૦–૦, અને


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રૂ. ૪-૦-૦ લેવામાં આવશે અને સંપુર્ણ ગ્રંથ એકી સાથે લેવાથી રૂ. ૧૨-૦-૦ મૂલ્ય પડશે. ગ્રાહકની ઇચ્છા સંપુર્ણ ગ્રંથ લેવાની મરજી હશે તો પ્રથમ ભાગ સાથેજ ત્રણે ભાગનું મૂલ્ય લેવામાં આવશે. ઉપરનો ગ્રંથ ખરીદનારને નીચેનાં પુસ્તકો પણ મોકલવામાં આવશે.

ધર્મદેશના (ગુજરાતી) કીં. રૂ. ૧-૦-૦ પાંચસો પૃષ્ટોનું ધર્મશિક્ષાનું અપૂર્વ પુસ્તક, પ્રાચીન શ્વેતાંબર અને અર્વાચીન દિગંબર કીં. રૂ. ૦-૪-૦ શાણી સુલસા (હીંદી) કીં. રૂ. ૦-૪-૦.

સદરહુ બક્ષિસ ઉપરાંત ઉપરના બન્ને ગ્રંથો સાથે ખરીદનાર મુનિમહારાજને ચાતુર્માસના સ્થિરવાસ દરમ્યાન જૈન શાસન પત્ર વિના લવાજમે આપવામાં આવશે.

લખો—ધી વિદ્યા વિજય પ્રીન્ટીંગ પ્રેસ—ભાવનગર.

## ચાતુર્માસના શાન્તિભર્યા સમય માટે અતિઉપયોગી બક્ષીસો.

### જાહેર લાયબ્રેરીઓ, સંસ્થાઓ, જ્ઞાનભંડારો, મુનિ મહારાજાઓ અને સખી ગૃહસ્થોનાં પુસ્તકાલયોનાં અમૂલ્ય આભૂષણો.

પંડિતશ્રી હંસરત્નગણિ વિરચિત.

# શ્રી શત્રુંજય માહાત્મ્યમ્.

( ગદ્યાત્મક )

આ મહાન ગ્રંથ પંદર અધિકારમાં વહેંચાયેલો છે. તેમાં દશ હજાર શ્લોકો આપેલા છે, આ ગ્રંથના કર્તાની શૈલી અદ્‌ભૂત ઘણી પ્રશંસનીય છે. તીર્થરાજની અદ્‌ભૂત શોભા તથા તેમનાં દર્શન અને શ્રવણનું મહદ્ પુન્ય, નિવૃતિના સમયમાં પ્રાપ્ત કરવા સરખું છે. પંડિતશ્રીએ પ્રત્યેક અધિકારમાં સૃષ્ટિ અને પ્રકૃતિના સૌંદર્યનું અપ્રતિમ વર્ણન કરેલું છે. સંસ્કૃત શુદ્ધ અને સરલ ભાષા શરૂઆતના અભ્યાસીઓને બહુ ઉપયોગી છે, સુંદર જાડા એન્ટ્રીક પેપર ઉપર છપાએલો છે. પર્યુષણના શુભ દિવસોમાં ખાસ વ્યાખ્યાન અને વાચના માટે ઉપયોગી છે. કીંમત રૂ. ૧૦-૦-૦ ટપાલ ખર્ચ જુદું.

ઉપરનો ગ્રંથ ખરીદનારને બીજાં અપૂર્વ અતિ ઉપયોગી નીચેનાં પુસ્તકો તદન ભેટ આપવામાં આવશે.

**શાલીભદ્ર ચરીત્ર** કીં, રૂ. ૧-૦-૦, ચંપકશ્રેષ્ઠી ચરીત્ર રૂ. ૦-૮-૦, પર્વકથા મૂલ્ય રૂ. ૦-૪-૦. સદરહુ પુસ્તકો પોથી આકારના સુંદર કાગળોમાં છાપેલાં છે, તે પણ સાથે ભેટ મોકલવામાં આવશે.

લખો—ધી વિદ્યા વિજય પ્રીન્ટીંગ પ્રેસ—ભાવનગર.

---

### રાજા મહારાજાઓના ઇતિહાસોની હકીકતથી ભરપૂર અતિ ઉત્તમ સાહસના અપૂર્વ નમુનારૂપ

## ટૉડ રાજસ્થાન.

ઇતિહાસોને સંશોધી ભારતવર્ષના દેશી રાજ્યોના રજપુતોના વૃતાંતો ઉપર અજ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાળું પાડનાર ટૉડ સાહેબનું અતિ માનવંતુ પુસ્તક મોટું સાહસ કરીને પ્રકટ કરવાની પહેલ સૌથી અમારી પ્રથમની છે. ટૉડ રાજસ્થાનમાંથી અનેક વસ્તુઓ જાણવાની મળે છે- આ પુસ્તકના નામથી કોઇપણ સુશિક્ષિત અજાણ્યો નથી તેથી તેનું વિશેષ શું વિવેચન કરવું ? તેની મુળ કીંમત રૂ. ૧૦-૦-૦ રાખવામાં આવી હતી છતાં પર્યુષણ અને ચાતુર્માસ જેવા પ્રસંગોને અનુસરીને માત્ર રૂ. ૬-૦-૦ ઘટાડેલી કિંમત રાખી છે. સુન્દર પાકું સોનેરી બાઈડીંગ ઉંચી છપાઈ અને સરસ કાગળો ખરેખર આકર્ષક છે. દરેક લાયબ્રેરીના આભૂષણરૂપ છે. ઉપરનું પુસ્તક ખરીદનારને નીચેનાં પુસ્તકો ભેટ આપવામાં આવશે.

જૈન શુભેચ્છક આલ્બમ જેમાં સાધુ અને શ્રીમંત પુરૂષોના ૬૪ ફોટાઓ છે. કીં. રૂ. ૧-૦-૦, કોન્ફરન્સનો ભોમીયો જેના અંદર કોન્ફરન્સોના રિપોર્ટો છે. કીં. રૂ. ૧-૦-૦, દ્રવ્યગુણપર્યાયનો રાસ અર્થસહિત કીં. રૂ. ૧-૪-૦, વ્યાખ્યાન સંગ્રહ કીં. રૂ. ૧-૪-૦, લવંગલતા કીં. રૂ. ૦-૪-૦, કુસુમકુમારી રૂ. ૦-૪-૦, જયા રૂ. ૦-૬-૦, આઈન-ઈ-અકબરી રૂ. ૦-૮-૦, અને નીતિ દર્પણ રૂ. ૦-૪-૦.

ઉપરનાં પુસ્તકોની બક્ષીસો ઓર્ડર સાથેજ મોકલવામાં આવશે. આ યોજના માત્ર ચાતુર્માસ સુધીનીજ છે માટે સત્વર લખવાની તજવીજ કરવી.

**માલીક-વિદ્યાવિજય પ્રિન્ટીંગ પ્રેસ—ભાવનગર.**

---

અત્યાર સુધીમાં બહાર નહીં પડેલા અને દરેકે દરેક ગૃહસ્થોએ અને ભંડારોના વ્યવસ્થાપકોએ સંઘરી રાખવા લાયક.

શ્રી ઉદયપ્રભદેવસૂરિ કૃત

# શ્રી આરંભસિદ્ધિ સટીક.

**[ જૈન જ્યોતિષનો અપૂર્વ ગ્રંથ ]**

આ ગ્રંથના કર્તા ઉદયપ્રભદેવસૂરિ વસ્તુપાળ મંત્રીના સમયમાં થયેલા છે. તે સમયમાં જ્યોતિષના વિષયમાં ભિન્ન ભિન્ન ગ્રંથો હોવાથી હરકોઈ એક વિષયના મૂહુર્તાદિક જોવા માટે વિદ્વાનોને અનેક ગ્રન્થો જોવા જાણવાની અપેક્ષા રહેતી હતી. તે જોઇને ઉક્ત સૂરીશ્વરે જિજ્ઞાસુઓના ઉપકારને માટે “ सर्वं पदं हस्तिपदे निमग्नं ” એ ન્યાય પ્રમાણે સર્વ વિષયોનો સંગ્રહ આ એકજ ગ્રન્થમાં કર્યો છે. એટલે કે આ ગ્રન્થમાં-તિથિ ૧, વાર ૨, નક્ષત્ર ૩, યોગ ૪, રાશિ ૫, ગોચર ૬, કાર્ય ૭, ગમન ( પ્રયાણ ) ૮,વાસ્તુ ૯, વિવાહ ૧૦ અને મિશ્ર ૧૧ આ અગ્યાર દ્વાર [વિષયો] લીધા છે. દરેક વિષય સાંગોપાંગ કહેલા હોવાથી કોઇપણ વિષય માટે ગ્રન્થાન્તરના અવલોકનની જરૂર રહેતી નથી.

આ ગ્રન્થ ઉપર વાચનાચાર્ય શ્રીહેમહંસ ગણિએ ટીકા કરેલીછે. તેમાં મૂળ ગ્રન્થનું સ્પષ્ટ સ્પષ્ટીકરણ કરવા ઉપરાંત તે તે સ્થળે સ્વમત તથા અન્ય મતના પ્રાચીન જ્યોતિષ ગ્રન્થોની સાક્ષી આપી દરેક વિષયો સુદ્રઢ કર્યાં છે. તેમજ મૂળ ગ્રન્થની અપૂર્ણતા પણ સ્વપર ગ્રન્થોના પાઠો લખીને પૂર્ણ કરી છે. અર્થાત આ એકજ ગ્રન્થ ઐહિક તથા પારલૌકિક સર્વ શુભ કાર્યો માટે અતિ ઉપયોગી છે. તેથી અમોએ આ ગ્રન્થ છપાવી પ્રગટ કરવાનું ઉચિત ધાર્યું છે.

આ ગ્રન્થ છપાઇને પર્યુષણ સુધીમાં પ્રસિદ્ધ થશે, તેથી આગળથી ગ્રાહક થનારે પોતાનું નામ ઠેકાણું વિગેરે રીતસર ભરીને અમારા પર મોકલવું. અગાઉના ગ્રાહકની સંખ્યા જેટલીજ નકલો છપાવવામાં આવે છે. આવા ગ્રન્થો વારંવાર છપાતા નથી, તથા તેની નકલો પણ કાવ્ય ચરિત્રાદિકની જેમ વધારે છપાતી નથી, તેથી જિજ્ઞાસુઓએ પ્રથમથીજ ગ્રાહક થવું શ્રેષ્ઠ છે. આ ગ્રન્થ લગભગ ૩૦ ફારમનો થશે તેમાં સ્પષ્ટતાને માટે તે તે સ્થળે મૂળ ગ્રન્થમાં લખેલાં યંત્રો પણ લેવામાં આવ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આગળથી ગ્રાહક થનારને આ ગ્રન્થ રૂ. ૩|| પાછળથી રૂ. ૫ ની કીંમતે મળશે. પોષ્ટ ખર્ચ ભિન્ન સમજવું વધારે ખુલાસા માટે નીચેને સિરનામે પત્ર વ્યવહાર કરવો. इतिशम्.

પુસ્તકો મળવાનું ઠેકાણું:—
શાહ પુરૂષોત્તમદાસ ગીગાભાઈ,
અધિપતિ જૈન શાસન-ભાવનગર.

---

तैयार छे !!! तैयार छे !!

# जैन शासन ऑफीसथी प्रगट थयेलां तेमज मळतां पुस्तको.

ठे० राधनपुरी बजार–भावनगर–काठियावाड.

**शास्त्री टाईपमां.**

| पुस्तकोनां नाम. | कींमत. |
|---|---|
| १ देवसी-राई प्रतिक्रमण सूत्र | ०–२–० |
| २ स्त्रोत्र रत्नाकर ( जेनी अंदर १४ स्तोत्र छे. ) … …. | ०–४–० |
| ३ स्नात्रपूजा ( आत्मारामजी महाराज कृत ) …. …. | ०–१–० |
| ४ विशस्थानकनी पूजा ,, | ०–१–० |
| ५ अष्ट प्रकारी पूजा,, …. | ०–१–० |
| ६ सत्तर भेदी पूजा…. ,, | ०–१–० |
| ७ नव पदजीनी पूजा ,, | ०–१–० |
| ८ पूजा संग्रह…. …. ,, | ०–३–० |
| ९ सुधारस स्तवन संग्रह. | ०–४–० |
| १० स्यादिशब्द समुच्चय…. | ०-१२-० |

**संस्कृत ग्रंथो व्याख्यान माटे.**

| | |
|---|---|
| ११ श्री शत्रुञ्जय माहात्म्य (पत्राकारे) पंडित श्री हंसरत्नसूरि विरचित | १०-०-० |
| १२ चम्पक श्रेष्ठी कथानकम् (पत्राकारे) | ०-८-० |
| १३ पर्व कथा संग्रह | ०-४-० |
| १४ तपावली | ०–५–० |
| १५ श्री शाळीभद्र चारित्र | १–०–० |

**हवे पछी बहार पडनार पत्राकारे कथाना ग्रंथो.**

ऋषी मंडळ कथा स्याद्वादमञ्जरी पृथ्वीचंद्र अने गुणसागरनी गद्य–उपदेश-माळावृति-उपमितीभवप्रपंचा कथा चौद भाग एकी साथे.

## ગુજરાતી ગ્રંથો

| | |
|---|---|
| ૧૬ જૈન શુભેચ્છક આલ્બમ (જેની અંદર મુનિમહારાજાઓ તેમજ કોન્ફરન્સના હિતચિંતકોના ૩૪ ફોટાઓ છે. | રૂા. ૧ |
| ૧૭ કોન્ફરન્સનો ભોમીયો (જેની અંદર ચાર કોન્ફરસના રીપોર્ટ તેમજ સિદ્ધાચળ ઉપર આવતા યાત્રાળુઓને ઉપયોગી બાબતોથી ભરપુર | રૂા. ૧ |
| ૧૮ અનાનુપૂર્વી…. …. | ૦–૦–૬ |
| ૧૯ મૌન એકાદશીનુ ગણુણું | ૦–૦–૬ |
| ૨૦ સામાયક સૂત્રાર્થ …. | ૦–૦–૬ |
| ૨૧ દ્રવ્યગુણપર્યાયનો રાસ અર્થ સહિત …. …. | ૧–૪–૦ |
| ૨૨ વ્યાખ્યાનસંગ્રહ (લેખક વકતા ચારિત્રવિજયજી)…. …. | ૧–૪–૦ |

**વાર્તા અને ઐતિહાસીક પુસ્તકો.**

| | |
|---|---|
| ૨૩ ટોડરાજસ્થાન (બે ભાગ સંપૂર્ણ સુન્દર બાઈન્ડીંગથી ભરપુર) ઘટાડેલીકિંમત | રૂા. ૪ |
| ૨૪ લવંગલતા ( વાર્તા રૂપે ) | ૦–૪–૦ |
| ૨૫ કુસુમ કુમારી ( ,, ) | ૦–૪–૦ |
| ૨૬ જયા ( ” ) …. | ૦–૬–૦ |
| ૨૭ આઇન–ઈ–અકબરી. …. | ૦–૮–૦ |
| ૨૮ નીતી દર્પણ ટપાલ સહીત | ૦–૪–૦ |

**पुस्तको मळवानुं ठेकाणुं—जैन शासन ऑफीस–भावनगर.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી શ્રાદ્ધગુણ વિવરણ. (ભાષાંતર)

શ્રાવકના વિશેષ ધર્મના કારણરૂપ અને ઉચ્ચ ગૃહસ્થ ધર્મ (શ્રાવકના સામાન્ય ધર્મ) નું શુદ્ધ સ્વરૂપ બતાવનારો, મોક્ષમહેલના પ્રથમ સોપાનરૂપ, જયશ્રીની સિદ્ધિને આપનાર આ અપૂર્વ ગ્રંથ છે. જેથી આવો શ્રાવકોપયોગી કોઇપણ ગ્રંથ અત્યારસુધીમાં પ્રગટ થયો નથી. સરલ, સુબોધક વિવેચન અને અનેક કથાઓ સહિત શ્રીમદ્ જિનમંડનગણી મહારાજની કૃતિની આ એક સુંદર અને અત્યુત્તમ રચના છે, જેનું સરળ અને શુદ્ધ ભાષાંતર પ્રવર્તકજી મહારાજશ્રી કાંતિવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ **શ્રી ચતુરવિજયજી** મહારાજે કરેલ છે. જૈન તરીકે દાવો ધરાવનાર કે શ્રાવક ધર્મના ઇચ્છક કોઇપણ વ્યક્તિના ઘરમાં આ ગ્રંથ કે જે શ્રાવક ધર્મની ઉચ્ચ શૈલીને જણાવનારો છે તે અવશ્ય હોવોજ જોઇએ. તે ખરેખર ઉપયોગી જોઇ ગ્રંથ છપાતાના દરમ્યાન ઉપાધ્યાયજી શ્રીમદ્ વીરવિજયજી મહારાજના પ્રશિષ્ય મુનિરાજ શ્રી **પ્રેમવિજયજીના નેક અભિપ્રાયથી અત્રેની જૈન બોર્ડીંગ તેમજ જૈન નાઈટ કલાસના વિદ્યાર્થીઓને** ધાર્મિક અભ્યાસની શરૂઆત તરીકે આ ગ્રંથ ચલાવવાની ખાસ યોજના થયેલી છે તેજ તેની ઉપયોગીતા પૂરતો પુરાવો છે, તે બાબતમાં વધારે કાંઇપણ ન લખતાં તે સાદ્યંત ખાસ વાંચી જવાની ભલામણ કરીએ છીએ.

ઉંચા ગ્લેજ કાગળો ઉપર, ચાર જુદી જુદી જાતના સુંદર ટાઇપોથી છપાવી સુંદ બાઇડીંગથી તેને અલંકૃત કરવામાં આવેલ છે. રોયલ આઠપેજી પાત્રીશ ફારમનો સુમારે ૩૦૦ પાનાનો દલદાર ગ્રંથ. કિંમત માત્ર રૂા. ૧-૮-૦ રાખી છે પોસ્ટેજ જુદું. ઘણી નકલોના અગાઉથી ગ્રાહકો થયા છે.

લખો—**શ્રી જૈન આત્માનંદ સભા. ભાવનગર.**

---

## સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું છપાતા ઉપયોગી ગ્રંથો.

### માગધી—સંસ્કૃત મૂળ અવચૂરિ ટીકાના ગ્રંથો.

| | |
|---|---|
| ૧ "સત્તરીય ઠાણ સટીક" | શા. ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી. |
| ૨ "સિદ્ધ પ્રાભૃત સટીક" | પ્રાંતિજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીના સ્મરણાર્થે. હા. શેઠ મગનલાલ કરમચંદ તરફથી. |
| ૩ "રત્નશેખરી કથા" | શા. હીરાચંદ ગહેલચંદની દીકરી બેન પશીબાઈ પાટણવાળા ત. |
| ૪ "દાનપ્રદીપ" | શા. મુળજી ધરમશી તથા દુલભજી ધરમશી પોરબંદરવાળા ત. |
| ૫ "શ્રી મહાવીર ચરિત્ર" શ્રી નેમિચંદ્રસૂરિ કૃત. | શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજી ધરમશી પોરબંદરવાળા તરફથી શા. મુળજી ધરમશીના સ્મરણાર્થે. |
| ૬ "સંબોધ સિત્તરી સટીક" | શા. કલ્યાણજી ખુશાલ વેરાવળવાળા તરફથી. |
| ૭ "ષટ્સ્થાનક પ્ર—સટીક" | શા પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઇ રળીયાતબાઈ માંગરોળવાળા તરફથી. |
| ૮ "બંધહેતુદય ત્રિભંગી સટીક" | શા. ફુલચંદ વેલજી માંગરોળવાળા તરફથી. |
| ૯ "સુમુખાદિમિત્ર ચતૂષ્ક કથા" | શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી. |
| ૧૦ "ચૈત્યવંદન મહાભાષ્ય" | શા. હરખચંદ મકનજી પ્રભાસપાટણવાળા તરફથી. |
| ૧૧ "પ્રતિક્રમણ ગર્ભ હેતુ" | શા. મનસુખભાઇ લલ્લુભાઇ પેથાપુરવાળા તરફથી. |
| ૧૨ "સંસ્તારક પ્રકીર્ણ સટીક" | શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા તરફથી. |
| ૧૩ "શ્રાવકધર્મ વિધિ પ્રકરણ સટીક" | શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા તરફથી. |
| ૧૪ "પ્રાચીન ચાર કર્મગ્રંથ ટીકા સાથે" | શેઠ પ્રેમચંદ ઝવેરચંદ પાટણવાળા તરફથી. |
| ૧૫ "ધર્મપારક્ષા શ્રીજિનમંડનગણી કૃત" | એ શ્રાવકાઓ તરફથી. |
| ૧૬ "સમાચારી સટીક શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત" | શા. લલુભાઈ ખુબચંદની વિધવા બાઇ મેનાબાઇ પાટણવાળા તરફથી. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૭ " પંચનિર્ગ્રંથી સાવચૂરિ " ૧૮ " પર્યંત આરાધના સાવચૂરિ "
૧૯ " પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણી સાવચૂરિ " ૨૦ " બંધોદયસત્તા પ્રકરણ સાવચૂરિ "
૨૧ " પંચસંગ્રહ " શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા તરફથી.
૨૨ " શ્રાદ્ધવિધિ " શેઠ જીવણભાઇ ત્રેમ્ચંદ ગોઘાવાળા . "
૨૩ " ષડ્દર્શન સમુચ્ચય " " "
૨૪ " ઉત્તરાધ્યયન સૂત્ર શ્રીમદ્ ભાવવિજયજીગણી કૃત ટીકા. બાબુ સાહેબ ચુનીલાલજી પન્નાલાલજી મુંબઇવાળા તરફથી.
૨૫ " બૃહત્ સંગ્રહણી શ્રી જિનભદ્રગણી ક્ષમાશ્રમણકૃત " એક સભા તરફથી.
૨૬ " કુમારપાળ મહાકાવ્ય " શા. મગનચંદ ઉમેદચંદની વિધવા બાઈ ચંદન પાટણ તo
૨૭ " ક્ષેત્રસમાસ ટીકા " શેઠ અમૃતલાલ છગનલાલ ભાવનગરવાળા તરફથી.
૨૮ " કુવલયમાલા " (સંસ્કૃત)
૨૯ શ્રી વિજયચંદ કેવળી ચરિત્ર (મૂળ) પાટણ નિવાસી બેન રૂક્ષમણિ તરફથી.

## હાલમાં નવા ગ્રંથોની થયેલી યોજના.

**( જેની છપાવવાની શરૂઆત થઇ ચુકી છે. )**

૩૦ **विज्ञप्ति त्रिवेणि.** (વિસ્તૃત ઐતિહાસિક પ્રસ્તાવના સાથે.)
૩૧ **प्राचिन जैन लेख संग्रह.** (વિસ્તારયુકત ટિપ્પણી અને ઉપોદ્ઘાત સાથે.)
૩૨ **विज्ञप्ति संग्रह.**
૩૩ **विजयदेव महात्म्य.** (બે ભાગમાં ભાષાંતર વિગેરે ઉપયોગી માહિતી સાથે)
૩૪ **कृपारस कोष.** ३५ **करुणावज्रायुध नाटक.**
૩૬ **जैन ग्रंथ प्रशस्ति संग्रह.** ( જૈન ઇતિહાસનાં અંગભૂત સાધનો. )
૩૭ **जैन ऐतेहासिक रास संग्रह.** ३८ **प्राचीन पांचमो कर्मग्रंथ. बाइ मणीबाइ जामनगरवाळा तरफथी.**

## નીચેના ગ્રંથોની યોજના કરવામાં આવે છે.

૩૯ **श्री गणधर सार्धशतक लघु टीका.**
૪૦ **श्री नयोपदेश.** ( શ્રીમદ્ યશોવિજયજી કૃત ન્યાયનો અપૂર્વ ગ્રંથ. )
૪૧ **कल्पसूत्र कीरणावली.** ( શ્રીમદ્ ધર્મસાગરજી ઉપાધ્યાયજી કૃત. )

### " ભાષાંતરના ગ્રંથો. "

( નવા )

૪૨ શ્રી સમ્યકત્વ કૌમુદિ ( ભાષાંતર ) વિવિધ કથાઓ સહિત શ્રી પાલીયાપરવાળા શાહ રણછોડદાસ ભાઇચંદ તરફથી.
૪૩ નિગોદછત્રીશિ. ૪૪ પુદ્ગલછત્રીશિ. ૪૫ પરમાણું ખંડ છત્રીશિ
૪૬ અધ્યાત્મ મત પરિક્ષા.

## આ માસમાં દાખલ થયેલા માનવંતા સભાસદો.

૧ ફોટોગ્રાફર પરભુદાસ રામજીભાઈ પદમશી રે૦ ભાવનગર બી૦ વ૦ લાઇફ મેમ્બર.
૨ શા. મોતીચંદ હેમરાજ રે૦ જામનગર. બી૦ વ૦ લાઇફ મેમ્બર.
૩ ટીમાણીયા રણછોડદાસ દેવકરણ. રે૦ મણાર. પે૦ વ૦ વાર્ષિક મેમ્બર.
૪ દેશાઇ નરોત્તમદાસ ખીમચંદ. રે૦ બોટાદ. " "

For Private And Personal Use Only